અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ માર્ચ ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ બીજ | અંક : ૨૨૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**કેન્દ્ર સરકારે બહાર પાડ્યું નોટિફિકેશન** | હવે ત્રણ પાડોશી દેશોના અલ્પસંખ્યકોને ભારતની નાગરિકતા મળી શકશે : ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવી પડશે

# દેશમાં આજથી નાગરિકતા સંશોધન કાયદો લાગૂ કરાયો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ |

કેન્દ્રની મોદી સરકારે નાગરિકતા સંશોધન કાયદા અંગે નોટિફિકેશન બહાર પાડી દીધુ છે. લોકસભા ચૂંટણી પહેલા કેન્દ્ર સરકારનું આ મોટું પગલું ગણી શકાય. હવે ત્રણ પાડોશી દેશોના અલ્પસંખ્યકોને ભારતની નાગરિકતા મળી શકશે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરાયેલા ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવી પડશે. વાત જાણે એમ છે કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપે CAA ને પોતાના ચૂંટણી ઢંઢેરામાં સામેલ કર્યો હતો. પાર્ટીએ મોટો મુદ્દો બનાવ્યો હતો. CAA સંસદથી પસાર થયે આમ તો લગભગ પાંચ વર્ષ વીતી ચૂક્યા છે. કેન્દ્ર સરકારે આજે આ કાયદાના અમલીકરણ અંગે નોટિફિકેશન બહાર પાડ્યું છે. CAA હેઠળ મુસ્લિમ સમુદાયને બાદ કરતા ત્રણ મુસ્લિમ બહુમતીવાળા દેશોમાંથી આવનારા અન્ય ધર્મના લોકોને નાગરિકતા આપવાની જોગવાઈ છે. કેન્દ્ર સરકારે સીએએ સંબંધિત એક વેબ પોર્ટલ પણ તૈયાર ક ર્યું છે. જેને હવે નોટિફિકેશન બાદ લોન્ચ કરાશે. ત્રણ મુસ્લિમ બહુમતીવાળા પાડોશી દેશોથી આવતા ત્યાંના લઘુમતી સમુદાયના લોકોએ આ પોર્ટલ પર પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને સરકારી તપાસ બાદ તેમને કાયદા હેઠળ નાગરિકતા અપાશે. આ માટે બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી આવેલા વિસ્થાપિત અલ્પ સંખ્યકોને કોઈ દસ્તાવેજ આપવાની જરૂર રહેશે નહીં. વર્ષ ૨૦૧૯માં નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે નાગરિકતા કાયદામાં સંશોધન કર્યું હતું. તેમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલા આવનારા છ અલ્પસંખ્યકો (હિન્દુ, ખ્રિસ્તિ, શીખ, જૈન, બૌદ્ધ અને પારસી) ને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. નિયમો મુજબ નાગરિકતા આપવાનો અધિકાર કેન્દ્ર સરકારના હાથમાં રહેશે. નાગરિકતા આપવાનો સંપૂર્ણ અધિકાર કેન્દ્ર સરકાર પાસે રહેશે. પાડોશી દેશ અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના હિન્દુઓ, શીખ, જૈન, પારસી, બૌદ્ધ અને ખ્રિસ્તિ સમુદાયના લોકોને ભારતીય નાગરિકતા આપવા માટે ૧૯૫૫ ના નાગરિકતા અધિનિયમમાં સંશોધન કરવામાં આવ્યું છે.

## સિટીજન અમેન્ડમેન્ટ એક્ટ- CAA શું છે ?



- બહારના દેશોમાંથી ભારત આવેલા શરણાર્થીઓને નાગરિકતા આપવાનો કાયદો છે CAA
- પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના બિન મુસ્લિમોને ભારતની નાગરિકતા મળી શકશે
- હિંદુ, સિખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી શરણાર્થીઓની નાગરિકતા માટેનો કાયદો
- આ કાયદા હેઠળ એ લોકો ગેરકાયદે પ્રવાસી છે જેઓ ભારતમાં પાસપોર્ટ અને વિઝા વગર રહે છે
- શરણાર્થીઓને ભારતની નાગરિકતા માટે ઓનલાઈન અરજી કરવી ફરજિયાત
- શરણાર્થી અરજદારે જણાવવું પડશે કે તેણે ભારતમાં કયા વર્ષમાં આશરો મેળવ્યો હતો
- શરણાર્થી અરજદારો પાસેથી કોઈ પુરાવા માગવામાં નહીં આવે
- તમામ શરણાર્થીઓએ ફક્ત અરજી કરશે અને ગૃહ મંત્રાલય તપાસ કરીને નાગરિકતા આપશે
- સામાન્ય રીતે ભારતમાં ઓછામાં ઓછાં ૧૧ વર્ષ રહેનારને જ નાગરિકતા આપવાનો નિયમ છે
- CAA આવતાં ૩ દેશોના બિન મુસ્લિમોને ભારતમાં ૬ વર્ષ થયાં હોય તો પણ નાગરિકતા મળી જશે - ભારતના નાગરિકોને કોઈ પણ રીતે પ્રભાવિત નથી કરતો CAA કાનૂન
- વર્ષ ૨૦૧૬માં લોકસભામાં અને ૨૦૧૯માં રાજ્યસભામાં પાસ થયું હતું CAA બિલ
- CAAના કાયદાને ૧૨ ડિસેમ્બર ૨૦૧૯માં રાષ્ટ્રપતિની મળી મંજૂરી
- ૨૦૨૪માં CAA લાગુ થતાં બિન મુસ્લિમ શરણાર્થીઓને આપશે ભારતની નાગરિકતા

### ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ બાદ સુપ્રીમનું આકરૂ વલણ

# ચૂંટણી બોન્ડની વિગતો આજે જાહેર કરવા એસબીઆઈને સુપ્રીમનો આદેશ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ |

ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ મૂકાયા બાદ સુપ્રીમકોર્ટે એસબીઆઈ બેન્કને આ બોન્ડ ખરીદનારા અને તેને રોકડમાં વટાવનારાઓની તમામ વિગતો અને આંકડા જાહેર કરવા કહ્યું હતું. જોકે હજુ સુધી કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા ફરી એકવાર આ મામલો સુપ્રીમકોર્ટ પહોંચ્યો હતો. સુપ્રીમકોર્ટમાં એસબીઆઈએ માગ કરી હતી કે તેમને વધુ સમય આપવામાં આવે અને જૂન પછી આંકડા જાહેર કરવામાં આવે. હવે આ મામલે સુપ્રીમકોર્ટે એસબીઆઈને આવતીકાલે જ વિગતો જાહેર કરવા આદેશ કરી દીધો છે. એટલે કે દેશની સૌથી મોટી બેન્કે ૧૨ તારીખે ચૂંટણી બોન્ડને લગતી તમામ વિગતો જાહેર કરવી પડશે. આ સાથે જ ચૂંટણીપંચને કહેવામાં આવ્યું કે ૧૫ માર્ચ સુધી તે આ વિગતો વેબસાઈટ પર અપલોડ કરે.

સુનાવણી દરમિયાન સીજેઆઈના નેતૃત્વ હેઠળની બેન્ચે એસબીઆઈ દ્વારા ચૂંટણી બોન્ડ અંગેના આંકડાઓ જાહેર કરવામાં થઈ રહેલા વિલંબને લઈને સવાલો ઊઠાવ્યા હતા. તેમણે એસબીઆઈ વતી હાજર વકીલ હરીશ સાલ્વેને કહ્યું હતું કે જો તમે કહી રહ્યા છો કે અમારી પાસે આ કવરમાં તમામ વિગતો છે કે કોણે ખરીદયા છે અને કઈ રાજકીય પાર્ટીએ તેને રોકડમાં વટાવ્યાં છે તો પછી વિગતો જાહેર કેમ નથી કરતાં? કવર ઓપન કરો અને વિગતો આપો. આ દરમિયાન એસબીઆઈએ ત્રણ અઠવાડિયાનો સમય માગ્યો હતો જેના પર સુપ્રીમકોર્ટે સ્પષ્ટ કહી દીધું કે તમે કવર ઓપન કરો અને ચૂંટણી પંચને વિગતો આપો જેથી સૌની સામે આવી શકે. સુનાવણી દરમિયાન એક સમયે સીજેઆઈએ એસબીઆઈના વકીલ હરીશ સાલ્વેને પૂછ્યું હતું કે અગાઉ અમે આ મામલે ૧૫ ફેબ્રુઆરીએ સુનાવણી કરી હતી તમને વિગતો જાહેર કરવા નિર્દેશ આપી દીધો હતો. હવે આપણે ૧૧ માર્ચે મળ્યાં છીએ. આ દરમિયાન ૨૬ દિવસ વીતી જવાં છતાં એસબીઆઈ દ્વારા અમારા નિર્દેશો પર શું કાર્યવાહી કરવામાં આવી તે જવાબ આપશો? તમે કોઈ કાર્યવાહી નથી કરી. એસબીઆઈએ કોઓપરેટ કરવાની જરૂર છે. નિર્દેશોનું પાલન કરવામાં આવે અને વિગતો જાહેર કરવામાં આવે. સુપ્રીમકોર્ટે કહ્યું કે અમારો આદેશ સ્પષ્ટ હતો. આ એક ગંભીર મામલો છે. સુપ્રીમકોર્ટે ચૂંટણી બોન્ડ મામલે સમય માગતી એસબીઆઈ બેક્નો ઉધડો લઈ નાખ્યો હતો.

## સરકારને પૈસા ક્યાંથી મળે છે એ પણ સૌને જાણવાનો અધિકાર છે



સુપ્રીમકોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે આ મામલે કલમ ૭નો ઉલ્લેખ કરતાં કહ્યું કે જ્યારે કોર્ટ દ્વારા એસબીઆઈને ચૂંટણી બોન્ડ ખરીદનારા અને તેને વટાવનારા રાજકીય પક્ષોની વિગતો જાહેર કરવાનું કહેવામાં આવે તો તેણે ફરજિયાતપણે આ વિગતો જાહેર કરવી જ પડે. આ મામલે જ્યારે સીજેઆઈ બગડ્યાં તો એસબીઆઈ વતી હરીશ સાલ્વેએ કહ્યું કે સમસ્યા એ છે કે અમે કોઈ ભૂલ નથી કરવા માગતા. ઉતાવળે આંકડા જાહેર કરવામાં ભૂલ થવાની શક્યતા છે. જો ભૂલ થશે તો આખા દેશમાં હોબાળો મચી જશે જેને અમે ટાળવા માગીએ છીએ. જેના જવાબમાં જસ્ટિસ ખન્નાએ કહ્યું કે તમારી પાસે કેવાયસી છે, તમે દેશની નંબર ૧ બેક્ર છો. તમે તેને મેનેજ કરી લેશો તેવી અમને આશા છે. ઓડિશાના મંત્રી રાણેન્દ્ર પ્રતાપે કહ્યું કે ચૂંટણી બોન્ડ યોજનાને સુપ્રીમકોર્ટ દ્વારા હવે રદ કરી દેવામાં આવી છે. આ દેશનું સૌથી મોટું કૌભાંડ છે. જ્યારે તેને લગતી વિગતો સામે આવશે તો આ દેશના ચૂંટણી ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ બની જશે.

### વડાપ્રધાન રેલવેનાં વિવિધ પ્રોજેક્ટ અને વંદે ભારત ટ્રેનનું લોકાર્પણ કરશે

# આજે વડાપ્રધાન ગુજરાત પ્રવાસે વિવિધ પ્રોજેક્ટોનું લોકાર્પણ કરશે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૧ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ૧૨ માર્ચ ૨૦૨૪ એટલે કે કાલે દાંડીકૂચ દિવસ નિમિત્તે અમદાવાદમાં "આશ્રમ ભૂમિ વંદના" કાર્યક્રમમાં સામેલ થશે અને 'મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ'નો શુભારંભ કરશે. આ આશ્રમ આઝાદીની ચળવળ દરમિયાન ગાંધીજી સાથે દેશ અને દુનિયાભરના નેતાઓની મંત્રણાનો સાક્ષી રહ્યો છે, સાથે જ આ આશ્રમ ગાંધીજીના ઉચ્ચ આદર્શો, મૂલ્યો અને સાદગીભર્યા જીવનનો પણ સાક્ષી રહ્યો છે. 'આશ્રમભૂમિ વંદના' ના આ સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહેશે. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવ્યા બાદ ૧૯૧૭માં અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે આ આશ્રમનો પાયો નાખ્યો હતો. ભારતીય ઈતિહાસના એક મહત્વપૂર્ણ અધ્યાય તરીકે સાબરમતી આશ્રમ આઝાદીની ચળવળનું એક મુખ્ય કેન્દ્ર રહ્યો છે. આ સ્થળની સાદગી અને પવિત્રતાને જોઈને વિશ્વાસ કરવો મુશ્કેલ છે.

## આ સ્મારક ભાવિ પેઢીઓ માટે પ્રેરણારૂપ બનશે અને ગાંધીજીના વિચારોની અસરકારકતા વધારશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મનમાં મહાત્મા ગાંધી માટે વિશેષ લાગણી અને સન્માનની ભાવના છે. યુદ્ધના આ સમયમાં શાંતિના હિમાયતી તરીકે વડાપ્રધાનશ્રીની વાતો મહાત્મા ગાંધીની યાદ અપાવે છે. તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે પણ વર્તમાન પેઢીની સાથે-સાથે દેશ અને દુનિયાભરના લોકોને ગાંધીવિચારો સાથે જોડવાની દિશામાં પ્રયત્નો કરતા હતા. ભવિષ્યની પેઢી પણ મહાત્મા ગાંધીના આદર્શો અને સાદગીપૂર્ણ જીવનનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે તે માટે વડાપ્રધાનશ્રીએ સાબરમતી આશ્રમના પુનઃનિર્માણ માટેના આ પ્રોજેક્ટની પરિકલ્પના કરી હતી. રૂપિયા ૧૨૦૦ કરોડના ખર્ચે પ્રસ્તાવિત ૫૫ એકરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટનો ઉદ્દેશ સાબરમતી આશ્રમ અને તેની આસપાસના ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરીને તેમની ઓળખ સ્થાપિત કરવાનો તેમજ પ્રવાસીઓને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સાથે મહાત્મા ગાંધીજીને સમર્પિત એક વિશ્વસ્તરીય સ્મારકનું નિર્માણ કરવાનો છે. આ સ્મારક ભાવિ પેઢીઓ માટે પ્રેરણારૂપ બનશે અને ગાંધીજીના વિચારોની અસરકારકતા વધારશે. અહીંયા ગાંધીજીના દિવ્ય જીવન અને આશ્રમના ભવ્ય વારસાને દર્શાવતા માહિતીપ્રદ પ્રદર્શનોની સાથે જ પૂજ્ય બાપુ દ્વારા સાબરમતી આશ્રમથી શરૂ કરવામાં આવેલા સત્યાગ્રહ અને સ્વાતંત્ર્ય સંગ્રામને દર્શાવતા ઇન્ટરેક્ટિવ પ્રદર્શનો પણ જોવા મળશે.

## ન્યૂઝ બ્રિફ

### રાજસ્થાનના ચુરુના સાંસદ રાહુલ કસ્વાં ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા

| નવી દિલ્હી, તા.૧૧ |

લોકસભા ચૂંટણી પહેલા રાજસ્થાનમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. રાજસ્થાનના ચુરુના સાંસદ રાહુલ કસ્વાંએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે લોકસભાના પદ પરથી પણ રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાના રાજીનામાની માહિતી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ દ્વારા આપી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેની હાજરીમાં તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા.

### કારમાં પંકચર પડતાં એસયુવીની ટક્કરે સાઈડ પર ઊભેલા છનાં મોત

| હરિયાણા, તા.૧૧ |

હરિયાણાના રેવાડીમાં મોડી રાત્રે એક ભીષણ માર્ગ દુર્ઘટના થઈ છે. ઘટનામાં છ લોકોના મોત નીપજ્યા છે. છ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા છે. ઘટનાનો શિકાર થયેલા તમામ લોકો ખાટૂ શ્યામના દર્શન કરીને પાછા ફરી રહ્યા હતા. તમામ મૃતક ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં દિલ્હી સરહદની નજીક એક સોસાયટીના નિવાસી હતા.

### આસિફ અલી ઝરદારીની પુત્રી છે આસિફા ભુટ્ટો

# આસિફા ભુટ્ટો ઝરદારીને ઔપચારિક રીતે દેશની પ્રથમ મહિલા તરીકે માન્યતા

| (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૧ |

ફર્સ્ટ લેડીનું નામ સાંભળતા જ મગજમાં એક જ વાત આવે છે કે તે રાષ્ટ્રપતિની પત્ની છે. પરંતુ પાકિસ્તાનમાં હવે આ પદ રાષ્ટ્રપતિની પુત્રીને આપવામાં આવી રહ્યું છે. દેશના નવનિયુક્ત રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ તેમની પુત્રી આસિફા ભુટ્ટો ઝરદારીને દેશની પ્રથમ મહિલા તરીકે ઔપચારિક માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે. સામાન્ય રીતે પ્રથમ મહિલાનું બિરુદ રાષ્ટ્રપતિની પત્નીને જ આપવામાં આવે છે. પાકિસ્તાનના રાજકીય ઈતિહાસમાં આવું પહેલીવાર બનશે જ્યારે દેશના રાષ્ટ્રપતિએ



પ્રથમ મહિલા પદ માટે પોતાની પુત્રીના નામની જાહેરાત કરવાનો નિર્ણય લીધો હોય. ઝરદારીના આ નિર્ણયે તેમની પુત્રી આસિફાને ફર્સ્ટ લેડીના પ્રતિષ્ઠિત પદ સુધી પહોંચાડી છે. આ સાથે તે પ્રથમ મહિલા બનનારી રાષ્ટ્રપતિની પ્રથમ પુત્રી હશે. એવું કહેવામાં આવી રહ્યું છે ઓફિશિયલ જાહેરાત પછી આસિફા ભુટ્ટો ઝરદારીને પ્રથમ મહિલા મુજબ પ્રોટોકોલ અને વિશેષાધિકારો આપવામાં આવશે. આસિફા ભુટ્ટો ઝરદારીનો જન્મ ૩ ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ પાકિસ્તાનમાં થયો હતો. તેમણે ૨૫ વર્ષની ઉંમરે પ્રથમ વખત સામાન્ય ચૂંટણી લડી હતી. તે પાકિસ્તાનની પ્રથમ બાળકી હતી જેને પોલિયોની રસી આપવામાં આવી હતી. આસિફા ત્રણ ભાઈ-બહેનોમાં સૌથી નાની છે. તેણે બ્રિટનમાં અભ્યાસ કર્યો છે. તાજેતરમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં, તે તેના ભાઈ બિલાવલના સમર્થનમાં ઘણી રેલીઓમાં જોવા મળી હતી.

### નેતન્યાહૂનો અભિગમ ઈઝરાયેલને નુકશાન પહોંચાડે છે : બાઈડન

| વોશિંગ્ટન, તા.૧૧ |

ગાઝામાં ઈઝરાયેલના હુમલાને લઈને હવે અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે મતભેદો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું હતું કે બેન્ઝામિન નેતન્યાહૂનો અભિગમ ઈઝરાયલને મદદ નહીં પરંતુ વધુ નુકસાન પહોંચાડી રહ્યો છે. હવે નેતન્યાહુએ તેનો જવાબ આપતાં જો બાઈડનના નિવેદનને નકારી કાઢ્યું અને કહ્યું કે તેનો અર્થ એ છે કે હું મારી અંગત નીતિઓ લાગુ કરી રહ્યો છું.

### ઉત્તરપ્રદેશના ગાઝીપુરમાં એક મોટો અકસ્માત સર્જાયો

# હાઈટેન્શન વાયર બસ પર પડતાં આગથી ૧૦ લોકોનાં મોત થયા

**ઉત્તર પ્રદેશની આ બસ દુર્ઘટનામાં આશરે ૨૦ લોકો અકસ્માતનો ભોગ બન્યા હોવાની પ્રાથમિક માહિતી મળી**

| (એજન્સી) ગાઝીપુર, તા.૧૧ |

ઉત્તરપ્રદેશના ગાઝીપુરમાં એક મોટો અકસ્માત સર્જાયો છે. એક હાઈટેન્શન વાયર ચાલુ બસ પર પડતાં આ બસ આગની ઝપેટમાં આવી ગઈ હતી. જેના કારણે અનેક લોકો જીવતા ભડથું થઈ ગયા હોવાની માહિતી મળી રહી છે. આ બસ દુર્ઘટનામાં આશરે ૨૦ લોકો અકસ્માતનો ભોગ બન્યા હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. અધિકારીઓના અહેવાલ અનુસાર, અત્યાર સુધી ૧૦ લોકોના મોતની માહિતી છે.આ બસ એક લગ્ન પ્રસંગમાંથી પરત ફરી રહી હતી. તે સમયે આ દુર્ઘટના મરદહમાં સર્જાઈ હતી. જિલ્લાના ડીએમ અને એસપી સહિત અનેક અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. આ બસ મઉના કોપાગંજથી જાનૈયાઓને લઈને મરદહના મહાહર ધામ આવી રહી હતી. આ દરમિયાન કાચા રોડથી આવતી બસને અકસ્માત નડ્યો હતો. બસમાં ૩૫થી વધુ લોકો સવાર હતા.

## ગુજરાતના ૧૩૮ જળાશયોમાં ૫૦% થી પણ ઓછું જળસ્તર

| (એજન્સી) અમદાવાદ, તા.૧૧ |

ઉનાળાની શરુઆત પહેલા જ રાજ્યના જળાશયોની સ્થિતિ ચિંતાજનક થઈ છે. રાજ્યના ૧૩૮ જળાશયોમાં અડધાથી ઓછુ જળસ્તર ભરેલું છે. ૯૦ ટકાથી વધારે જળસ્તર ધરાવતા હોય એવા જળાશયો માત્ર ૨ જ છે. રાજ્યના ૩૬ જળાશયોનું જળસ્તર ૧૦ ટકા કે તેથી ઓછું છે. સૌથી વધારે સૌરાષ્ટ્રના જળાશયોમાં પાણીના જળસ્કર છે. ૬૮ જળાશયોમાં પાણીનો જથ્થો ૨૦ ટકા કે તેનાથી પણ ઓછો છે.હજુ તો ઉનાળાની શરુઆત થઈ રહી છે, ત્યાં જ હવે પાણીની અછતની ચિંતા વધવા લાગી છે. રાજ્યના ૧૩૮ જળાશયોમાં અડધાથી ઓછુ જળસ્તર ભરેલું છે. ૯૦ ટકાથી વધારે જળસ્તર ધરાવતા હોય એવા જળાશયો માત્ર ૨ જ છે. રાજકોટના આજી-૨ અને સુરેન્દ્રનગરના વંથલીનો તેમાં સમાવેશ થાય છે. જ્યારે ૮૦ થી ૯૦ ટકા પાણીનો જથ્થો ધરાવતા જળાશયો રાજ્યમાં ૮ છે. જેમાં મોરબીના મચ્છુ-૩, કચ્છના કાલાઘોડા, જૂનાગઢના હિરણ, મહીસાગરના વણાકબોરી, સાબરકાંઠાનો જવાનપુરા, દાહોદના હડફ અને સુરકના લેખીગામનો સમાવેશ થાય છે.૭૦ થી ૮૦ ટકા જળાશય ભરેલા હોય એવા પણ ૮ છે.

## બિલ્ડરે ફ્લેટનું પઝેશન ન આપતા ઈન્વેસ્ટરે જીવ ટૂંકાવ્યો

| (એજન્સી) મુંબઈ, તા.૧૧ |

મુંબઈમાં એક બિલ્ડર પાસે ફ્લેટ બૂક કરાવ્યા પછી તેનો કબજો મળવામાં ભારે વિલંબ થતા રોકાણકારે નાસીપાસ થઈને જીવન ટૂંકાવી દીધું છે. આ ઘટનામાં હવે બિલ્ડર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મુંબઈમાં બે અઠવાડિયા અગાઉ આ ઘટના બની હતી જેમાં એક બિઝનેસમેને બિલ્ડિંગ પ્રોજેક્ટ પૂરો ન થવાના કારણે આત્મહત્યા કરી હતી અને સુસાઈડ નોટમાં બિલ્ડરને જવાબદાર ગણાવ્યો હતો. મલાડ પોલીસે ડેવલપર સામે કેસ ફાઈલ કર્યો છે. પોલીસે હજુ સુધી કોઈ ધરપકડ નથી કરી. પરંતુ ભરત ગાલા નામના બિલ્ડરને પોતાનું સ્ટેટમેન્ટ નોંધાવવા માટે બોલાવવામાં આવ્યો છે. દિલીપ શેઠ નામના ૫૫ વર્ષના બિઝનેસમેને ૨૬ ફેબ્રુઆરીએ મલાડની નડિયાદવાલા કોલોનીમાં સંતોષ સોસાયટીમાં ગળાફાંસો ખાઈને જીવ ટૂંકાવ્યો હતો. પોલીસે ઘટના સ્થળે જઈને દિલીપ શેઠનો મોબાઈલ કબજામાં લીધો હતો અને ત્યાં કેટલીક ચિઠ્ઠીઓ પણ મળી આવી હતી. ૨૬ ફેબ્રુઆરીએ જ લખાયેલી ચિઠ્ઠીમાં લખેલું હતું કે "હું મારી નાણાકીય તકલીફોના કારણે જીવન ટૂંકાવી રહ્યો છું.

# ‘સિટી બ્યુટી કોમ્પિટિશન’માં રાજ્ય સ્તરે વિજેતા થયેલા મહાનગરો અને નગરપાલિકાઓ માટે એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો

## શહેરોના શ્રેષ્ઠ સૌંદર્ય માટે મહાનગર પાલિકા-નગરપાલિકાની ટીમ દ્વારા કરવામાં આવતા પ્રયાસો અભિનંદનીય : અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર







। ગાંધીનગર, તા.૧૧ ।

ગાંધીનગર સ્થિત ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ખાતે આજે સિટી બ્યુટી કોમ્પિટિશનમાં રાજ્ય સ્તરે વિજેતા થયેલા મહાનગરો અને નગરપાલિકાઓ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારના હસ્તે એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રાલય દ્વારા આયોજિત સિટી બ્યુટી કોમ્પિટિશનમાં ગુજરાતની વિવિધ મહાનગર પાલિકાઓ અને નગરપાલિકા દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો.

અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે આ પ્રસંગે જણાવ્યું હતુ કે, મહાનગર પાલિકા અને નગર પાલિકાના પદાધિકારીઓના માર્ગદર્શન હેઠળ અધિકારીશ્રીઓ તથા તેમની સમગ્ર ટીમ દ્વારા શહેરોના શ્રેષ્ઠ સૌંદર્ય માટે કરવામાં આવતા પ્રયાસોની ખાસ નોંધ લઈ આ કામગીરીને પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરોના સૌંદર્ય માટે મહાનગર પાલિકા-નગર પાલિકાની ટીમ દ્વારા કરવામાં આવતા પ્રયાસો અભિનંદનીય છે. જેમાં વિવિધ કેટેગરીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મહાનગર પાલિકા અને નગરપાલિકાને એવોર્ડથી સન્માન મળ્યું છે.

તેમણે ઉમેર્યું કે, સ્વચ્છતાના આગ્રહી રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન અંતર્ગત સ્વચ્છતાને મિશન તરીકે લઈ રાજ્યભરમાં સ્વચ્છતા જાળવણી સંબંધિત વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેમાં આપ સૌની સક્રિય ભાગીદારી રાજ્યને સ્વચ્છ અને નિર્મળ બનાવવામાં મહત્વની સાબિત થશે. આ એવોર્ડ વિતરણ સમારોહમાં હેરિટેજ કેટેગરીમાં પ્રથમ ક્રમે લક્ષ્મી વિલાસ પેલેસ - વડોદરા મહાનગર પાલિકા, દ્વિતીય ક્રમે ઢાળની પોળ - અમદાવાદ મહાનગર પાલિકા અને તૃતીય સ્થાને સુરત ફોર્ટના રીસ્ટોરેશન અને રીડેવલપમેન્ટ માટે સુરત મહાનગર પાલિકાને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. જ્યારે ગ્રીન સ્પેસ કેટેગરીમાં પ્રથમ ક્રમે લોકમાન્ય તિલક ગાર્ડન - અમદાવાદ મહાનગર પાલિકા, દ્વિતીય ક્રમે સ્વામી વિવેકાનંદ પાર્ક - કોડીનાર નગરપાલિકાને અને તૃતીય ક્રમે ફ્લાવર પાર્ક - અમદાવાદ મહાનગર પાલિકાને એવોર્ડ પ્રાપ્ત થયો છે. તો બીજી તરફ કોમર્શિયલ કેટેગરીમાં પ્રથમ ક્રમે ગુજરી બજાર - અમદાવાદ મહાનગર પાલિકા, દ્વિતીય ક્રમે જનમહલ અર્બન ટ્રાન્સપોર્ટ હબ - વડોદરા મહાનગર પાલિકા અને તૃતીય ક્રમે પુષ્કર ધામ હોકર્સ ઝોન - રાજકોટ મહાનગર પાલિકાને એવોર્ડ પ્રાપ્ત થયો છે.

વોટર ફ્રન્ટ કેટેગરીમાં પ્રથમ ક્રમે સાબરમતી રિવરફ્રન્ટ - અમદાવાદ મહાનગર પાલિકા, દ્વિતીય ક્રમે ગોપી તળાવ - સુરત મહાનગર પાલિકા અને તૃતીય ક્રમે કાંકરિયા લેક ફ્રન્ટ - અમદાવાદ મહાનગર પાલિકાને એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો છે. તે ઉપરાંત વોર્ડ કેટેગરીમાં ભાતર - વેસુ - ડુમસ વોર્ડ નં.૨૨ - સુરત મહાનગર પાલિકાને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદ મહાનગર પાલિકાના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, રાજકોટ મહાનગર પાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડિયા, અમદાવાદ મહાનગર પાલિકાના કમિશનર શ્રી એમ. થેન્નારસન સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ વિવિધ મહાનગરપાલિકા-નગરપાલિકાના પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ડભોઇમાં જૂથ અથડામણમાં ૧૨ લોકો ઇજાગ્રસ્ત થયા, ૫ ગંભીર

। (એજન્સી) ડભોઈ, તા.૧૧ ।

વડોદરાના ડભોઈમાં કડિયાનાડમાં બે જૂથ વચ્ચે અથડામણ થતા અફરા તફરી મચી છે. આ અથડામણમાં ૧૨ લોકો ઘાયલ થયા છે. જેમાંથી ૫ જણાની હાલત ગંભીર છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા ડભોઇ પોલીસે મોડી રાત્રે ઘટના સ્થળે પહોંચીને સ્થીતી પર કાબુ મેળવ્યો છે. મામલો વધુ ન વણસે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ડભોઈના કડિયાવાડ વિસ્તારમાં નજીવી બાબતે મોડી રાત્રે થઈ જૂથ અથડામણ થઇ હતી. બે જૂથ બોલાચાલી બાદ લાકડી-પાઈપો લઈ સામ સામે આવી ગયા હતા. જેમાં મારામારીમાં ૧૨ લોકો ઈજાગ્રસ્ત થતા ઈજાગ્રસ્તોને વડોદરા અને ડભોઈ હોસ્પિટલમાં ખસેડાયા છે. ઈજાગ્રસ્ત ૧૨ લોકોમાંથી ૫ જણાની હાલત ગંભીર છે. સામાન્ય બાબતને લઈને ડભોઈના નગર પાલિકા ચાર રસ્તા પાસે એકાએક બે ટોળા સામસામે આવી ગયા હતા અને ઉગ્ર બોલાચાલી થતા રસ્તા પર લોકોના ટોળેટોળા ઉમટી પડતા વાતાવરણ તંગ બન્યું હતું. આટલેથી નહી અટકતા પથ્થરમારો થવા લાગ્યો હતો. આ પથ્થરમારામાં ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ સમગ્ર મામલાની જાણ થતાં જ પોલીસ કાફલો તેમજ સ્થાનિક ધારાસભ્ય તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિ થાળે પાડી હતી.




આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધી આશ્રમ ખાતે આવનાર છે. જેના કારણે અમુક રોડ બંધ કરાયા છે. જેથી સુભાષબ્રિજ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

# નર્મદા જિલ્લામાં બોર્ડની જાહેર પરીક્ષાઓનો શાંતિ-શૌહાર્દપૂર્ણ માહોલમાં થયેલો પ્રારંભ

## જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાની ઉપસ્થિતિમાં અધિકારીઓ સહિત સ્વૈચ્છિક સંસ્થાઓએ પરીક્ષાર્થીઓને ગુલાબના પુષ્પ આપી સાકરથી મોઢું મીઠું કરાવીને શ્રેષ્ઠ દેખાવની શુભેચ્છા પાઠવી

। રાજપીપળા, તા.૧૧ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શરૂ થયેલી ધોરણ- ૧૦ **(SSC)** અને ૧૨ **(HSC)** ની જાહેર પરીક્ષાઓનો આજે તા.૧૧ મી માર્ચથી નર્મદા જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. બોર્ડની આ જાહેર પરીક્ષાઓના પ્રારંભે ધોરણ-૧૦ના પરીક્ષાર્થીઓને રાજપીપલાની શ્રી એમ.આર. વિદ્યાલય ખાતે જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો.



કિરણબેન પટેલ, નગર પાલિકા પ્રમુખ શ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલ, જાયન્ટ્સ ગ્રુપ ઓફ રાજપીપલાના પ્રમુખશ્રી તેજસ ગાંધી, પૂર્વ પ્રમુખ રૂપલબેન દોશી સહિત સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, શાળાના સ્ટાફગણ વગેરેએ પણ પરીક્ષાર્થીઓને ગુલાબના પુષ્પો આપી સાકરથી મોઢું મીઠું કરાવીને પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ સાથે ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાએ જણાવ્યું હતું કે, આજથી બોર્ડની પરીક્ષાની શરૂ થઈ છે. પરીક્ષાના પ્રારંભે બાળકોનું મનોબળ વધારવા માટે તેમને શુભેચ્છા પાઠવી છે. નર્મદા જિલ્લામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે, તેમના માટે વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

## મહી કેનાલમાં ગાબડાં અને મોટી તિરાડો જોવા મળી

। (એજન્સી) આણંદ, તા.૧૧ ।

આણંદ જિલ્લા સિંચાઈ વિભાગની લાપરવાહી અને લાલીયાવાડીને લઈ ઉમરેઠ તાલુકાના ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ઉમરેઠના વણસોલ અને સૈયદપુરા પાસેથી પસાર થતી મહી કેનાલમાં ગાબડાં અને મોટી તિરાડોને લઈ આજુબાજુના ખેતરોમાં પાણીનું કેનાલમાંથી લીક થઈ રહ્યું છે. જેને કારણે ખેતરોમાં ઉભા પાકને નુકશાન થઈ રહ્યું છે. ઉમરેઠ તાલુકાના સૈયદપુરા, વણસોલ, સુરાશામળ સીમમાંથી મહી સિંચાઈ વિભાગની મોટી કેનાલ પસાર થાય છે. આ કેનાલમાંથી કનેલાવ અને પરિએજ તળાવમાં બારે માસ પાણી આપવામાં આવે છે.

## પંચશીલ હાઇસ્કુલ લુણાવાડા ખાતે એસ એસ સી નાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક અને ચોકલેટ આપી શુભેચ્છાઓ આપતા જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારી



। મહીસાગર, તા.૧૧ ।

રાજ્યભરમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે મહીસાગર જિલ્લામાં કલેકટર શ્રીમતી નેહાકુમારી લુણાવાડાની પંચશીલ હાઈસ્કુલની મુલાકાત લઈ પરીક્ષાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર તરફથી સુચારુ આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા યોજાય તે માટે પોલીસ અને શિક્ષણ વિભાગ દ્વારા ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થતાં વિદ્યાર્થીઓનું પરીક્ષા કેન્દ્ર ખાતે કુમકુમ તિલક કરી તેમજ સાકર, ચોકલેટ મો મીઠું કરાવી ફૂલથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જીલ્લા કલેકટરશ્રીએ પરીક્ષાર્થીઓને ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી આત્મવિશ્વાસથી પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. મહીસાગર જિલ્લામાં ધોરણ- ૧૦ માં ૧૮૯૩૩ અને ધોરણ- ૧૨માં ૧૦૩૦૩ મળી કુલ ૨૯૨૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં એસ એસ સી માં ૩૦ પરીક્ષા કેન્દ્રો પર ૬૮ પરીક્ષા બિલ્ડીંગમાં ૭૦૩ બ્લોકમાં ૧૮૯૩૩ પરિક્ષાર્થી પરીક્ષા આપનાર છે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૭ પરીક્ષા બિલ્ડીંગમાં ૩૩૧ બ્લોકમાં ૮૩૨૮ પરિક્ષાર્થી પરીક્ષા આપનાર છે અને વિજ્ઞાન પ્રવાહમાં ૦૮ પરીક્ષા બિલ્ડીંગમાં ૧૦૨ બ્લોકમાં ૧૯૭૫ પરિક્ષાર્થી પરીક્ષા આપનાર છે. પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી નરેશ મુનિયા સહિત અગ્રણીઓ જોડાયા હતા.

**વિશેષ**

## સામુહિક કેન્દ્રમાં સુવિધાઓ વધવાથી આસપાસના લોકોને સારી આરોગ્ય સેવાઓ મળશે : કનુભાઈ દેસાઈ

# નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કપરાડાના સુથારપાડા ખાતે રૂપિયા ૩.૭૨ કરોડના ખર્ચે નવનિર્મિત સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

। (માહિતી) સુરત ।

કપરાડા, ધરમપુર અને વાપી તાલુકામાં ૪૧ રસ્તાઓનું કામ ૧૦.૩૨ કરોડના ખર્ચે પુરૂ કરાશે નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે કપરાડા તાલુકામાં રૂ. ૩.૭૨ કરોડના ખર્ચે નવનિર્મિત સુથારપાડા સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં દર્દીઓને પુરી સુવિધા તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓના રહેઠાણ માટેની સુવિધા મળી રહે તે હેતુથી ગ્રાઉન્ડ ફ્લોર તથા પ્રથમ માળનું સુવિધાયુક્ત બાંધકામ કરવામાં આવ્યું છે. સાથે સાથે મંત્રીશ્રીએ ‶સ્ત્નછદ્ગસ્છદ્ગ કાર્યક્રમ હેઠળ કપરાડા અને ધરમપુર તાલુકાના આદિમજૂથ વસાહતોમાં કુલ રૂ.૨.૪૦ કરોડના ખર્ચે નવા બનનારા કુલ ચાર મલ્ટી પર્પઝ સેન્ટરોનું, મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજનાના કપરાડા, વાપી અને ધરમપુર તાલુકાના રૂ.૮.૪૬ કરોડના ખર્ચે નવા બનનારા કુલ ૨૦ રસ્તાઓનું અને મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજનાના કપરાડા અને ધરમપુર તાલુકાના રૂ. ૧૦.૩૨ કરોડના ખર્ચે નવા બનનારા કુલ ૨૧ રસ્તાઓનું ખાતમુહૂર્ત




પણ કર્યું હતું. લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ‶સ્ત્નછદ્ગસ્છદ્ગ કાર્યક્રમની સફળતા અંગે જણાવતાં કહ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં ‶સ્ત્નછદ્ગસ્છદ્ગ કાર્યક્રમ હેઠળ વલસાડ જિલ્લામાં સૌથી વધુ લાભાર્થીઓને સહાય મળી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારથી ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું અને દેશના પ્રધાનમંત્રી બન્યા બાદ કોરોનાકાળ હોય કે બીજી કોઈ પણ સમસ્યાના સમયે લોકોને સહાય માટે અનેક યોજનાઓ બનાવી છે. ગુજરાતમાં મા આરોગ્ય કાર્ડની શરૂઆત કરી હતી જે હવે સમગ્ર દેશમાં આયુષ્યમાન કાર્ડ યોજના હેઠળ રૂ.૫ લાખ સુધીની સારવાર વિના મુલ્યે થાય છે. ગુજરાતમાં આ યોજનામાં વધુ ૫ લાખ રૂપિયાની રાજ્ય સરકારે સહાય જાહેર કરી છે જેથી ગુજરાતમાં આયુષ્યમાન કાર્ડ યોજના હેઠળ ૧૦ લાખ સુધીની સારવાર વિના મુલ્યે થશે. આ સામુહિક આરોગ્ય કેન્દ્રથી સૌને લાભ થશે તેમજ ચોક્કસ ખાતરી છે કે અહીં સુવિધાઓ ઓછી હોવાથી ડિલીવરીની સંખ્યા ઓછી હતી પરંતુ હવે સુવિધાઓમાં વધારો થવાથી આ સંખ્યામાં પણ વધારો આવશે. આરોગ્ય કેન્દ્રમાં વધુ સુવિધાઓ સમયસર મળી રહે તે માટે ઘટતો સ્ટાફ પણ તરત જ મળી જશે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સુથારપાડામાં વીજ કંપનીની વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવાથી હવે લોકોએ વીજ બિલ ભરવા દૂર નથી જવું પડતું. ‶સ્-ઈઢજીજી યોજના હેઠળ જૂની વીજ લાઈનોને બદલે નવી લાઈનો અને જરૂરિયાતવાળા વિસ્તારોમાં અંડરગ્રાઉન્ડ વીજ લાઈનો પણ નાંખવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીશ્રીએ હાલમાં જ સૂર્યઘર યોજના હેઠળ ભારતના ૧ કરોડ ઘરો ઉપર સોલાર પેનલ મૂકી ૩૦૦ યુનિટ મફત વીજળી આપવાની જાહેરાત કરી છે. જેનો આપ સૌએ લાભ લઈ વિનામુલ્યે વીજળી મેળવો એવી અપીલ છે. ગુજરાત સોલાર ઉર્જામાં ૮૨% ઉત્પાદન સાથે દેશમાં પહેલા નંબરે છે અને આ યોજના હેઠળ હજુ ૨૦ લાખ ઘરોમાં સોલાર પેનલ લગાવવાનું ધ્યેય છે. પ્રધાનમંત્રીશ્રીને આપણા આદિવાસી વિસ્તારો અને આ વિસ્તારોના આદિવાસીઓના પ્રશ્નોની જાણ છે અને તેથી જ આદિમજૂથ યોજનાઓથી આ પ્રશ્નોનું નિરાકરણ લાવવાના તમામ પ્રયત્નો થઈ રહ્યા છે. આદિવાસીઓ જ્યારે કોઈને મળે ત્યારે રામ રામ કહી સંબોધે છે તો આપણી માતા શબરીનું ધામ પણ અહીં જ છે. આદિમજૂથના કામો કરવા બદલ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અને વહીવટી તંત્રને પણ અભિનંદન પાઠવું છું અને આ નવા સામુહિક આરોગ્ય કેન્દ્રનો સૌને લાભ થાય એવી આશા છે. સાંસદશ્રી કપરાડા ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કરી સામુહિક આરોગ્ય કેન્દ્રનો લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.કે.પી.પટેલે સ્વાગત પ્રવચન અને સામુહિક આરોગ્ય કેન્દ્રના ડૉ. ધર્મેશ પટેલે આભારવિધિ કરી હતી.

### અનંત-રાધિકાના પ્રિવેડિંગની ઘટના

# ઝકરબર્ગની પત્ની પ્રિસિલાનું કિંમતી પેન્ડન્ટ ગુમ થઇ ગયું





। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

અંબાણી પરિવારના ફંક્શનની વાત હોય ત્યારે કંઇ પણ સાધારણ હોવાની આશા ના રાખી શકાય. આ ફેમિલી સાથે જોડાયેલી નાની ઈવેન્ટ્સ પણ એટલી ગ્રાન્ડ હોય છે, જેનું પ્લાનિંગ પણ કોઇ વિચારી ના શકે. જેની એક ઝલક અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ફંક્શન્સમાં જોવા મળી. લગ્ન પહેલાં જ અંબાણી પરિવારે આ ઈવેન્ટને એટલી ખાસ બનાવી દીધી કે તેમાં બોલિવૂડ સાથે જોડાયેલા સેલિબ્રિટીઝ તો હતા જ, ઉપરાંત સ્પોર્ટ્સ સહિત વિશ્વના મોટાં દિગ્ગજ પણ ભાગ લેતા જોવા મળ્યા. જેમાંથી ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના માલિક માર્ક ઝકરબર્ગ અને તેમની પત્ની પ્રિસિલા ચૈન પણ હતા. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ માટે રાખવામાં આવેલી આ ત્રણ દિવસની ઈવેન્ટમાં કપલ ખૂબ જ સુંદર અંદાજમાં જોવા મળ્યું. આ બ્યૂટીફૂલ કપલે પાર્ટીની થીમને ફૉલો કરતાં આઉટફિટ્સ અને જ્વેલરી સિલેક્ટ કર્યા હતા. હા એ વાત અલગ છે કે, પાર્ટીના બીજાં દિવસે પ્રિસિલા ચૈન સાથે એવી ઘટના બની જે એકવાર ફરીથી લોકોનું ધ્યાન તેના તરફ લઈ ગઈ.

કોકટેલ પાર્ટીની નાઈટ માટે માર્ક અને પ્રિસિલાએ પોતાના માટે મેચિંગ આઉટફિટ્સ પસંદ કર્યા હતા. આ પાવરફૂલ કપલે બ્લેક કલર પસંદ કર્યો હતો, જેમાં તેઓ સુપર સ્ટાઈલિશ લાગી રહ્યા હતા. માર્ક ઝકરબર્ગ ગોલ્ડ-ટોન્ડ જૂલ્ડ ડ્રેગનફ્લાય એપ લીકેવાળા પેન્ટ અને સૂટમાં જોવા મળ્યા. તો પ્રિસિલા એ વિસ્કોસ અને એસીટેટ યાર્નથી તૈયાર કરેલું બોડી ફિટિંગ ગાઉન પહેર્યુ હતું. જેના પર રોઝ કોલોરાડો ટોપેઝ સ્ટોન અને સિલ્વર ક્રિસ્ટલ એપ લીકેથી સ્ટનિંગ લૂક મળી રહ્યો હતો. માર્ક અને પ્રિસિલાના આઉટફિટ્સ લકઝરી ફેશન લેબલ એલેકઝાન્ડર મેક્વિનથી હતા.

# બેસ્ટ સોંગ રાઈટરનો ઓસ્કાર ભાઈ-બહેનની જોડીએ જીત્યો

। (એજન્સી) લોસ એન્જલસ, તા.૧૧ ।

દરેક વ્યક્તિની નજર ઓસ્કર એવોર્ડ્સ પર છે, જે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ એવોર્ડ્સમાંના એક છે. આ વખતે ઓસ્કાર એવોર્ડ તેના વિજેતાઓના કારણે ઘણી રીતે ખાસ અને અલગ રહ્યો છે. ૯૬મો એકેડેમી એવોર્ડ સમારોહ લોસ એન્જલસના ડોલ્બી થિયેટરમાં યોજાયો હતો અને ૧૧ માર્ચે સવારે ૪ વાગ્યે ભારતમાં તેનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેમાં કોઈને પહેલી વખત ઓસ્કારથી નવાજવામાં આવ્યો તો કોઈ ઓસ્કાર જીતીને રેકોર્ડ તોડીને ઈતિહાસ પણ રચ્યો હતો. ૯૬મા એકેડેમી એવોર્ડ્સની ઘણી ખાસ ક્ષણોમાંની એક ઓસ્કાર વિજેતા ભાઈ-બહેન બિલી ઈલિશ અને ફિનીઆસ ઓ'કોનેલની હતી. તેમણે ૮૭ વર્ષ જૂનો રેકોર્ડ તોડીને ઈતિહાસ રચતા તેમના પર્ફોમન્સ માટે એવોર્ડ જીત્યો હતો, જેની ભાગ્યે જ કોઈને અપેક્ષા હતી. ઘણા મહાન ગાયકો અને



ગીતકારોને બેસ્ટ સોંગ રાઈટર તરીકે નોમીનેટ કરવામાં આવ્યા હતા. આ કેટેગરીમાં ૨૨ વર્ષીય બિલી ઈલિશ અને ૨૬ વર્ષીય ફિનીઆસ ઓ'કોનેલ જીત્યા છે. તેમને ફિલ્મ 'બાર્બી'ના 'વોટ વોઝ આઈ મેડ ફોર' સોંગ માટે ઓસ્કાર મળ્યો છે. ૯૬માં એકેડેમી એવોર્ડ જીતીને, બિલી ઈલિશ અને ફિનીસ ઓ'કોનેલે બે વખત ઓસ્કાર જીતનાર ૩૦ વર્ષથી ઓછી ઉંમરના સૌથી યુવા તરીકે ઈતિહાસ રચ્યો છે. આ પહેલા આ એવોર્ડ લુસી રેનરને ૨૮ વર્ષની ઉંમરે મળ્યો હતો. ઓસ્કાર જીત્યા બાદ બિલી ઈલિશે ઈમોશનલ સ્પીચ આપી હતી. તેમણે ઓસ્કારનો શ્રેય ફિલ્મ બનાવવામાં સખત મહેનત કરનાર દરેક વ્યક્તિને આપ્યો હતો. ૨૦૨૧માં બિલી અને ફિનીસની જોડીએ જેમ્સ બોન્ડ થીમ સોંગ 'નો ટાઈમ ટુ ડાઈ' માટે પણ ઓસ્કાર જીત્યો હતો.

### બેસ્ટ સોંગના નોમિનેશન

**આઈ એમ જસ્ટ કેન (માર્ક રોન્સન, એન્ડ્રૂ વ્યાટ)**
**ઇટ નેવર વેન્ટ અવે (ડેન વિલ્સન, જોનાથન બેટિસ્ટે)**
**વાહજહજહ (સ્કોટ જ્યોર્જ)**
**ધ ફાયર ઇનસાઇડ (ડિયાન વોરેન)**
**વોટ વોઝ આઈ મેડ ફોર (બિલી ઇલિશ અને ફિનીઆસ ઓ'કોનેલ).**

### સીરમ ઈન્સ્ટીટ્યૂટ મેલેરિયાની રસી બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરશે




। નવી દિલ્હી, તા.૧૧ ।

વિશ્વની સૌથી મોટી વેક્સિન મેન્યુફેક્ચરિંગ કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અદાર પૂનાવાલાએ કહ્યું કે, કોરોના વેક્સિન બાદ કંપની હવે મેલેરિયાની રસી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ માટે કંપનીએ તેની ઉત્પાદન ક્ષમતા વધારી છે. સીરમ સંસ્થા કોરોનાની કોવિશિલ્ડ રસી બનાવે છે. માંગના અભાવને કારણે હવે કોરોનાવિરોધી વેક્સિનનું ઉત્પાદન ઘટાડવામાં આવ્યું છે. કંપની હવે મેલેરિયાની રસી બનાવવા માટે તેની પૂરેપૂરી ક્ષમતાનો ઉપયોગ કરશે. પૂનાવાલાએ કહ્યું કે, જો ભવિષ્યમાં ક્યારેય મહામારી ફેલાય તો સમગ્ર ભારતમાં માત્ર ત્રણથી ચાર મહિનામાં જ રસીકરણ થઈ શકશે. તેમણે કહ્યું કે સીરમમાં મેલેરિયાની રસીના ૧૦ કરોડ ડોઝ બનાવવાની ક્ષમતા છે. જો માંગ વધે તો તેમાં વધુ વધારો કરી શકાશે.

# ઓપનહાઈમર ઓસ્કરમાં બેસ્ટ ફિલ્મ, બેસ્ટ એક્ટરનો એવોર્ડ કિલિયન મર્ફીને

## ઓસ્કાર ૨૦૨૪માં ઓપનહાઈમરને ૧૩ કેટેગરીમાં નોમિનેશન મળ્યા હતા જેમાંથી તેણે કુલ ૭ એવોર્ડ જીત્યા

। (એજન્સી) લોસ એન્જલસ, તા.૧૧ ।

આજે અમેરિકાના લોસ એન્જલસમાં ડોલ્બી થિયેટરમાં ૯૬મો એકેડેમી એવોર્ડ એટલે કે ઓસ્કાર એવોર્ડ ૨૦૨૪ યોજાઈ રહ્યો છે. આ સમારોહમાં અભિનેતા રોબર્ટ ડાઉની જુનિયરને તેનો પ્રથમ ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. ઓસ્કાર ૨૦૨૪માં ઓપનહાઈમરને ૧૩ કેટેગરીમાં નોમિનેશન મળ્યા હતા જેમાંથી તેણે કુલ ૭ એવોર્ડ જીત્યા હતા. તેમાં બેસ્ટ સપોર્ટિંગ એક્ટર, બેસ્ટ એક્ટર, બેસ્ટ ડાયરેક્ટર અને બેસ્ટ ફિલ્મ એવોર્ડ પણ સામેલ છે. રશિયા-યુક્રેન યુદ્ધ પર બનેલી ડોક્યુમેન્ટ્રીને ઓસ્કાર પણ મળ્યો હતો. ડોક્યુમેન્ટ્રીના ડાયરેક્ટર સ્ટેજ પર જ ભાવુક થઈ ગયા હતા. હોલીવુડના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ ઓસ્કરમાં વિવિધ ફિલ્મોને ૨૩ કેટેગરીમાં નોમિનેશન મળ્યા છે. આ વર્ષે એવોર્ડ શોના હોસ્ટ જીમી કિમેલ છે. બેસ્ટ ફિલ્મનો એવોર્ડ ઓપનહાઈમરને મળ્યો હતો. જે ખૂબ જ ચર્ચાસ્પદ ફિલ્મ રહી હતી અને તેણે અનેક એવોર્ડ જીત્યા હતા. આ વખતે ફિલ્મના દરેક પાત્રો છવાઈ ગયા હતા અને તેમના પર એવોર્ડનો વરસાદ થયો હતો. બેસ્ટ એક્ટરનો ઓસ્કાર એવોર્ડ કિલિયન મર્ફીને મળ્યો હતો. તેની ઓપનહાઈમરમાં આ ભૂમિકા ભજવી હતી. તે એક લીડિંગ રોલમાં હતો. બેસ્ટ ઓરિજિનલ સ્કોરનો એવોર્ડ ઓપેનહેઈમરના લુડવિગ ગોરેન્સનને મળ્યો. બિલી ઈલિશને ફિલ્મ બાર્બીમાં તેના ગીત માટે બેસ્ટ સોંગનો એવોર્ડ મળ્યો હતો. બેસ્ટ ડાયરેક્ટરનો એવોર્ડ પણ ઓપનહાઈમર ફિલ્મના ક્રિસ્ટોફર નોલેનને જ મળ્યો હતો. એમ્મા સ્ટોનને શ્રેષ્ઠ અભિનેત્રી (બેસ્ટ એક્ટ્રેસ)નો ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. સ્ટેજ પર અભિનેત્રી ભાવુક થઈ ગઈ હતી. તેણે એ પણ જણાવ્યું કે તેનો ડ્રેસ ફાટીગયો છે અને તેણે પોતાનો અવાજ ગુમાવી દીધો છે. કોમેડિયન જ્હોન મુલાનીએ બેસ્ટ સાઉન્ડ માટે ઓસ્કાર એવોર્ડ આપ્યો. આ એવોર્ડ ફિલ્મ ધ ઝોન ઓફ ઈન્ટરેસ્ટ દ્વારા જીતવામાં આવ્યો હતો. દિગ્દર્શક વેસ એન્ડરસનને તેમની ફિલ્મ ધ વન્ડરફુલ સ્ટોરી ઓફ હેનરી સુગર માટે લાઈવ એક્શન શોર્ટ ફિલ્મ માટે ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. સર્વશ્રેષ્ઠ સિનેમેટોગ્રાફીનો એવોર્ડ કિલિયન મર્ફીની ફિલ્મ ઓપેનહેઈમરને મળ્યો હતો. સિનેમેટોગ્રાફર હોયટે વેન હોયટેમાએ એવોર્ડ મેળવતા પહેલા દિગ્દર્શક ક્રિસ્ટોફર નોલાનને ગળે લગાવ્યા હતા. ધ લાસ્ટ રિપેર શોપને બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર ફિલ્મ ૨૦ ડેઝ ઈન મેરીયુપોલનો એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મ યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને દર્શાવે છે. દસ્તાવેજી દિગ્દર્શકે તેમના વક્તવ્યમાં કહ્યું - કાશ મેં આ ફિલ્મ ન બનાવી હોત, કાશ મારે જરૂર ન પડી હોત. હું ઈચ્છું છું કે રશિયાએ યુક્રેન પર હુમલો ન કર્યો હોત. હું રશિયાને તમામ યુક્રેનિયન કેદીઓને મુક્ત કરવા વિનંતી કરું છું. હું ભૂતકાળ બદલી શકતો નથી. પરંતુ મારે કહેવું જોઈએ કે યુક્રેન યુદ્ધમાં જીવ ગુમાવનારા શહીદોને કોઈ ભૂલી શકે નહીં. જેનિફર લેનને ફિલ્મ ઓપેનહેઈમર માટે શ્રેષ્ઠ ફિલ્મ એડિટિંગનો એવોર્ડ મળ્યો હતો. જેનિફરનો આ પહેલો ઓસ્કાર એવોર્ડ છે. તેને પ્રથમ વખત ઓસ્કારમાં નોમિનેશન મળ્યું હતું. ફિલ્મ ગોડઝિલા માઈનસ વનને બેસ્ટ વિઝ્યુઅલ ઈફેક્ટ્સનો એવોર્ડ મળ્યો હતો.



# ૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડેલા યુવકનું મોત, મૃતદેહ બહાર કઢાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

કેશોપુર વિસ્તારના દિલ્હી જલ બોર્ડનો સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) સ્થિત પમ્પિંગ રૂમમાં શનિવારે મોડી રાતે ફસાયેલા યુવકનું લગભગ ૧૨ ઈંચ પહોળા અને લગભગ ૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડવાથી મોત નીપજ્યુ. આ કેસમાં દિલ્હી પોલીસે સોમવારે કેશોપુર વિસ્તારમાં દિલ્હી જલ બોર્ડના સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં બોરવેલમાં પડવાથી એક યુવકના મોતના મામલે એફઆઈઆર નોંધી છે. જે અંતર્ગત એક અધિકારીએ જણાવ્યુ કે વિકાસપુરી પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૩૦૪ (એ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલુ છે. ફાયર વિભાગ અને એનડીઆરએફની ટીમે લગભગ ૧૪ કલાકના રાહત અને બચાવ અભિયાન ચલાવીને તેને બહાર કાઢ્યો અને દીન દયાળ ઉપાધ્યાય હોસ્પિટલ પહોંચાડ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધો. પોલીસ યુવકની ઓળખ કરવાનો પ્રયત્ન કરી રહી છે. હાલ એ વાતની પુષ્ટિ થઈ શકી નથી કે યુવક શા માટે ત્યાં પહોંચ્યો હતો. વિકાસપુરી પોલીસ સ્ટેશનમાં FIR નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે. શનિવારે મોડી રાતે દિલ્હી જલ બોર્ડના કર્મચારીઓએ પમ્પિંગ રૂમથી કંઈક અવાજ આવી રહ્યો હતો જ્યારે કર્મચારી ત્યાં પહોંચ્યા તો જોયુ કે દરવાજો ખુલ્લો હતો અને બોરવેલમાં કોઈ પડેલુ છે. ત્યાંથી પાણીમાં કંઈક હલવા અને ચીસો પાડવાનો અવાજ આવી રહ્યો હતો. જે બાદ તેની જાણકારી પોલીસને આપવામાં આવી. પોલીસ અને ફાયર વિભાગના કર્મચારી ઘટના સ્થળે પહોંચ્યા તો તેમણે બોરવેલમાં દોરડુ નાખીને જોયુ કે કોઈ હલચલ થઈ રહી છે કે નહીં. ફાયર વિભાગ તરફથી ઘણી વખત દોરડુ નાખવામાં આવ્યુ. બોરવેલમાં પડેલો યુવક દોરડુ પકડવાનો પ્રયત્ન કરી રહ્યો નહોતો અને અંદરથી કોઈ અવાજ આવી રહ્યો નહોતો. જે બાદ એનડીઆરએફની ટીમને બોલાવવામાં આવ્યા. એનડીઆરએફની ટીમે પણ રવિવારે સવારે યુવકને બોરવેલથી બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો પરંતુ કોઈ સફળતા મળી નહીં. પમ્પિંગ રૂમમાં અંધારુ હોવાના કારણે કંઈક જોવા મળી રહ્યુ નહોતુ. દરમિયાન ટીમે એ માની લીધુ હતુ કે યુવક બેભાન થઈ ગયો છે. ત્યાં સુધી તેની જાણકારી નહોતી કે યુવક જીવિત છે કે મરી ગયો છે. જેમ જેમ સૂરજ ઉગતો ગયો. એનડીઆરએફની બીજી ટીમને પણ બોલાવવામાં આવ્યા. યુવકને જીવિત બહાર કાઢવા માટે એક તરફ તો બોરવેલથી તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો હતો.

### ફોરેન એજ્યુકેશન માટે ભારતીયોની પહેલી પસંદ અમેરિકા

# અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય સ્ટુડન્ટન્સની સંખ્યા રેકોર્ડ સ્તરે પહોંચી

## યુએસએમાં ભણવાનો ખર્ચ ઘણો વધારે આવે છે, પરંતુ તેની સામે સારી જોબ મળવાની શક્યતા પણ વધુ રહે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીયો અમેરિકાને ફોરેન એજ્યુકેશન માટે સૌથી વધુ પસંદ કરે છે અને લેટેસ્ટ આંકડા આ વાતની સાબિતી આપે છે. અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય સ્ટુડન્ટન્સની સંખ્યા રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં ભારતીયો માટે તકલીફ શરૂ થઈ તેના કારણે ઘણા સ્ટુડન્ટ હવે અમેરિકા તરફ વળ્યા છે. યુએસએમાં ભણવાનો ખર્ચ ઘણો વધારે આવે છે, પરંતુ તેની સામે સારી જોબ મળવાની શક્યતા પણ વધુ રહે છે. ઉદાહરણ તરીકે પ્રણય કરકલે નામનો એક સ્ટુડન્ટ હાલમાં અમેરિકામાં માસ્ટર ડિગ્રી કરી રહ્યો છે. પ્રણયે આ માટે ઘણા વર્ષો સુધી બચત કરી હતી અને ત્યાર પછી ૬૦ હજાર ડોલરની સ્ટુડન્ટ લોન લીધી હતી. તે કહે છે કે મારા ઘણા સગાએ પોતાની જમીન અને મકાનો વેચીને પોતાના સંતાનોને અમેરિકા ભણવા મોકલ્યા છે. હું મારી જાતને નસીબદાર માનું છું. પ્રણય કહે છે કે તેને જ્હોન હોપકિન્સ યુનિવર્સિટીમાં એડમિશન મળી જાય તે માટે સખત મહેનત કરશે. તેનાથી તેના માટે સારી જોબ મેળવવાના માર્ગ ખુલી જશે. ભારતમાં જે પગાર શક્ય જ નથી તે પગાર મને અમેરિકામાં મળી શકશે. ભારતમાંથી દર વર્ષે લગભગ ૧૫ લાખ યુવાનો વિદેશમાં એજ્યુકેશન માટે જાય છે. ૨૦૧૨ની સાથે સરખાવવામાં આવે તો વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓની સંખ્યા આઠ ગણી વધી ગઈ છે. તેમાં સૌથી વધુ સ્ટુડન્ટ અમેરિકા જાય છે. કેનેડામાં આ વર્ષે ભારતીય સ્ટુડન્ટની સંખ્યા ઘટી છે અને તેનો ફાયદો અમેરિકાને થયો છે. ડલ્લાસ ખાતે યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાં ઘણા ભારતીય સ્ટુડન્ટ જોવા મળે છે. અહીં છેલ્લા ચાર વર્ષમાં ચાઈનીઝ સ્ટુડન્ટની સંખ્યા ૧૨૦૦થી ઘટીને ૪૦૦ થઈ છે. પરંતુ ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦૦૦થી વધીને ૪૪૦૦ થઈ ગઈ છે. રાજશ્રી નામની યુવતી ભારતથી અમેરિકા માસ્ટર્સ ડિગ્રી માટે આવી છે અને બિઝનેસ એનાલિટિક્સનો અભ્યાસ કરે છે. તેણે ૪૦,૦૦૦ ડોલરની ટ્યુશન ફી માટે



એજ્યુકેશન લોન લીધી છે. રાજશ્રી કહે છે કે આ લોન મારા માટે ભવિષ્યના રોકાણ સમાન છે. ભારતમાં અમે બીજી કોઈ પણ ચીજ કરતા એજ્યુકેશનને વધારે વેલ્યૂ આપીએ છીએ. ભારતમાં ઘણી જગ્યાએ અમેરિકન યુનિવર્સિટીઓ એજ્યુકેશન ફેર યોજે છે અને સ્ટુડન્ટને આકર્ષવા માટે પ્રયાસ કરે છે. હવે તો નાના શહેરોમાં પણ અમેરિકન યુનિવર્સિટીના માણસો કાર્યક્રમો યોજે છે અને સ્ટુડન્ટનો કોન્ટેક્ટ કરવા પ્રયાસ કરે છે. જોકે, અમેરિકા પહોંચીને ભણવું એટલું સરળ નથી. ઘણા ભારતીય વિદ્યાર્થીઓની વિઝા એપ્લિકેશન રિજેક્ટ કરી દેવામાં આવે છે. ગયા શુક્રવારે અમેરિકન એમ્બેસીમાં વિઝા ઈન્ટરવ્યૂ આપીને બહાર નીકળેલી ડેઈઝી નામની યુવતીએ કહ્યું કે તેના વિઝા રિજેક્ટ થયા છે. ડેઈઝીએ કેલિફોર્નિયાની વેસ્ટક્લિફ યુનિવર્સિટીમાં એડમિશન લીધું હતું. વિઝા માટે તેણે કેટલાય અઠવાડિયા તૈયારી કરી હતી અને એક એજન્સીની મદદ પણ લીધી હતી. છતાં અમેરિકાએ તેને વિઝા નથી આપ્યા. વિઝા શા માટે રિજેક્ટ થયા તેનું કારણ પણ આપવામાં નથી આવ્યું. ડેઈઝી ૨૨ વર્ષની છે. તેને આશા છે કે ભવિષ્યમાં તે અમેરિકામાં ભણીને ભારત આવશે ત્યારે પરિવારને સપોર્ટ કરી શકશે. ડેઈઝીના પિતા પંજાબમાં એક પેટ્રોલ પંપ ચલાવે છે. ડેઈઝી માંડ માંડ પોતાના આંસુ રોકતા કહે છે કે તે ફરીથી વિઝા ઈન્ટરવ્યૂ માટે તૈયારી કરશે અને એપ્લિકેશન કરશે. ભારત અત્યારે દુનિયામાં સૌથી ઝડપથી ગ્રોથ કરતા દેશોમાં સામેલ છે. પરંતુ ભારતમાં જોબલેસ ગ્રોથ થઈ રહ્યો છે. એટલે કે આર્થિક વિકાસની સામે જોબની સંખ્યા ઓછી છે, પગારધોરણ નીચા છે અને જોબની કોઈ સિક્યોરિટી નથી.

### ઉત્તર પ્રદેશના બિજનોરના કર્મચારીનો રેકોર્ડ

# બિજનોરના તેજપાલસિંહે ૨૬ વર્ષની નોકરીમાં માત્ર એક જ દિવસ રજા લીધી

## ૨૬ ડિસેમ્બર ૧૯૯૫ના રોજ તેજપાલસિંહે ક્લાર્ક તરીકે દ્વારકેશ શુગર ઈન્ડસ્ટ્રીજ લિમિટેડમાં નોકરીમાં જોડાયા હતા

। (એજન્સી) બિજનોર, તા.૧૧ ।

એક બાજુ વિશ્વમાં અઠવાડિયામાં ૩ દિવસની રજા આપવાની વાત થઈ રહી છે, તો અહીં ઉત્તરપ્રદેશના બિજનોરમાં નિવાસી તેજપાલસિંહે પોતાની ૨૬ વર્ષની નોકરીમાં માત્ર એક જ દિવસની રજા લીધી છે. તેઓ રવિવારે પણ ઓફિસ આવતા હતાં. સાંભળવામાં આ થોડુ અજુગતું લાગશે, પરંતુ આ હકીકત છે. તેજપાલસિંહનો આ રેકોર્ડ 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ' માં નોંધાયો છે. તેજપાલસિંહ કહ્યું કે, ''મેં મારી ૨૬ વર્ષની





નોકરીમાં માત્ર એક જ દિવસની રજા લીધી છે. પછી ભલેને હોળી હોય, દિવાળી હોય કે રવિવાર હોય, હું દરરોજ ઓફિસમાં હાજર રહતો હતો. હું કંપનીમાં ૧૯૯૫થી કામ કરી રહ્યો છું.

### ચંદ્રયાન-૩ની સફળતા બાદ ઈસરોનું વધુ એક લક્ષ્યાંક

# ભારત ટૂંકમાં સમદ્રની ઊંડાઈની શોધ માટે સમુદ્રયાન શરૂ કરશે

## ભારત આવતા વર્ષના અંત સુધીમાં સમુદ્રના અભ્યાસ માટે તેના વૈજ્ઞાનિકોને સમુદ્રતળની નીચે મોકલી શકશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વર્ષ ૨૦૨૩માં ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતર્યું હતું, હવે ઈસરો ગગનયાન તરફ ઝડપથી આગળ વધી રહી છે. આ દરમિયાન એવા અહેવાલો સામે આવ્યા છે કે ભારત ટૂંક સમયમાં સમુદ્રની ઊંડાઈમાં શોધ માટે સમુદ્રયાન શરૂ કરવા માટે તૈયાર છે. પૃથ્વી વિજ્ઞાનમંત્રી કિરણ રિજિજુએ સંકેત આપ્યા છે કે વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં કેટલાક સારા સમાચાર આવશે. રિજિજુએ કહ્યું કે, ''ભારત આવતા વર્ષના અંત સુધીમાં સમુદ્રના અભ્યાસ



માટે તેના વૈજ્ઞાનિકોને સમુદ્રતળની નીચે ૬ કિલોમીટરની ઊંડાઈ સુધી મોકલી શકશે.'' રિજિજુએ આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ''ભારતની ડીપ સી સબમરીન 'મત્સ્ય ૬૦૦૦' પર કામ ચાલી રહ્યું છે.

## તંત્રી લેખ...

# રાજસ્થાનના પોખરણમાં 'ભારત શક્તિ'નું આયોજન

ભારતના ઈતિહાસમાં સૌથી શક્તિશાળી, સ્વદેશી શસ્ત્રોથી સજ્જ, ત્રણેય સેનાઓની સંયુક્ત યુદ્ધાભ્યાસ 'ભારત શક્તિ' બનવા જઈ રહી છે. જે ભારતના થિયેટર કમાન્ડની પહેલી ઝલક હશે. સેનાના ત્રણેય ભાગોની સંયુક્ત કવાયત 'ભારત શક્તિ'નું આયોજન ૧૨ માર્ચે રાજસ્થાનના પોખરણમાં કરવામાં આવશે. આ યુદ્ધાભ્યાસની સૌથી ખાસ વાત એ છે કે તે સ્વદેશી સંરક્ષણ સાધનોની ક્ષમતાનું પ્રદર્શન કરશે. એટલે કે ત્રણેય દળો – જળ, જમીન અને આકાશ એકસાથે તેમનો જૌહર બતાવશે. આ યુદ્ધાભ્યાસમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે. આત્મનિર્ભર ભારતની વાસ્તવિકતા દુનિયા સમક્ષ સ્વદેશી નિર્મિત સંરક્ષણ સાધનો રજૂ કરશે. 'ભારત શક્તિ' અભ્યાસમાં સેનાના ત્રણેય એકમો સ્વદેશી નિર્મિત સંરક્ષણ સાધનોની ક્ષમતા પણ પ્રદર્શિત કરશે અને આ અભ્યાસ ભારત-પાકિસ્તાનની બોર્ડરની ખૂબ નજીક થશે. પોખરણમાં ત્રણેય સેનાઓની સંયુક્ત ક્ષમતા અને યુદ્ધાભ્યાસ લગભગ ૫૦ મિનિટ સુધી ચલાવવામાં આવશે. આ યુદ્ધાભ્યાસ સ્વદેશી સંરક્ષણ સાધનો દ્વારા લડાયક કામગીરીમાં સેવાઓની સંયુક્ત કામગીરીનું પ્રદર્શન કરશે. એટલે કે ત્રણેય સેનાઓની સંયુક્ત યુદ્ધ તૈયારી એક ઉત્તમ ઉદાહરણ હશે. આ અભ્યાસમાં સ્વદેશી શસ્ત્રોથી લાઈવ ફાયરિંગ કરવામાં આવશે અને વધુ તો એ છે કે આ અભ્યાસમાં આવા ઘણા હથિયારો સામેલ કરવામાં આવશે જે પહેલા ક્યારેય કોઈ ફાયરિંગ અભ્યાસ દરમિયાન કરવામાં આવ્યા નથી. આ અભ્યાસમાં **LCA** તેજસ, **ALH MK-IV**, લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર **(LUH)**, લાઈટ વેઈટ ટોર્પિડો, ઓટોનોમસ કાર્ગો કેરીંગ એરિયલ વ્હીકલ, મોબાઈલ એન્ટી ડ્રોન સિસ્ટમ, **T-90** ટેક્ક, **BMP-II**, આર્ટિલરી પ્લેટફોર્મ જેવાધનુષ, શારંગ, **K9** વજ, આકાશ મિસાઈલ સિસ્ટમ, પિનાકા, સ્વાતિ વેપન લોકેટિંગ રડાર, યુએવી લોન્ચ પ્રિસિઝન ગાઈડેડ મ્યુનિશન્સ, ક્વિક રિએક્શન ફાઈટીંગ વ્હીકલ્સ અને લોજીસ્ટીક ડ્રોન અને વિવિધ પ્રકારના ડ્રોન, ઓટોનોમસ વેપનાઈઝ બોટ સ્વોર્મ, ફાયર ફાઈટીંગ બોટ, મેરીચ ટોરપેડો, રુદ્ર, ગૌરવ લોન્ગ રેન્જ બોમ્બ, અભ્યાસમાં હાઈ સ્પીડ એક્સપેન્ડેબલ એરિયલ ટાર્ગેટ જેવા હથિયારોનો સમાવેશ થાય છે.

## દાહોદ જિલ્લાને રૂ. ૩૧૪ કરોડના વિકાસકાર્યોની ભેટ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### આદિજાતિ બાંધવોનો વધારે ને વધારે વિકાસ થાય તેવી વ્યવસ્થા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે

। (માહિતી) દાહોદ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સિંગવડ ખાતે ઉપસ્થિત રહીને દાહોદ જિલ્લાના વિકાસને વેગ આપતા વિવિધ વિભાગોના કુલ રૂ. ૩૧૪ કરોડના વિકાસકાર્યોના વિવિધ ૫૫ પ્રકલ્પોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કર્યું હતું. પોતાના દાહોદ પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નર્સિંગ કોલેજ સિંગવડનું પણ લોકાર્પણ કરીને દાહોદના યુવા વર્ગને ઘરઆંગણે વધુ શિક્ષણ સુવિધા આપી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં ગરીબ, આદિવાસીઓ, દલિત અને પીડિત વર્ગને સીધો હક મળે તે પ્રકારે સુરાજ્ય સુશાસનને અમલમાં મૂક્યું છે, તેમ કહી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વિકાસના જે કર્યો આપણે જોઈ રહ્યા છીએ તેનો મજબૂત પાયો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાખ્યો છે. છેલ્લા થોડા દિવસોમાં ગુજરાતને રૂ. ૧.૧૦ લાખ કરોડના વિકાસકાર્યોની ભેટ પ્રધાનમંત્રીશ્રીએ આપી છે. અને તે જ પગલે ચાલીને ડબલ એન્જિનની સરકારે ગયા અઠવાડિયામાં રૂ. ૬૭૦૦ કરોડથી વધારે વિકાસકાર્યોની ભેટ જનતાને આપી છે. દાહોદને સ્માર્ટ સિટી બનાવવાનું લક્ષ્ય હોય કે વિકાસની વધુ જરૂર હોય તેવા એસ્પિરેશનલ જિલ્લાઓમાં દાહોદનો સમાવેશ કરવાનો હોય, વિકાસ અને લોકહિતના કાર્યોમાં દાહોદ જિલ્લો ક્યાંય પાછળ ન રહે તે ડબલ એન્જિન સરકારની ગેરંટી છે, તેમ શ્રી પટેલે જણાવ્યું હતું. દાહોદમાં રૂ. ૨૦ હજાર કરોડના ખર્ચે રેલવેના ઈલેક્ટ્રીક એન્જિન બનાવવાના પ્લાન્ટથી સ્થાનિક યુવાનોને રોજગારી મળે તેવી વ્યવસ્થા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. દાહોદ સહિત આદિવાસી વિસ્તારમાં એક સમયે સાયન્સની કોલેજ પણ ન હતી, ત્યાં હવે મેડિકલ અને ઈજનેરી કોલેજો અને યુનિવર્સિટી છે. હવે આદિજાતિ બાળકો ઘર આંગણે ભણી શકે છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ સહર્ષ જણાવી વધુમાં ઉમેર્યું હતું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત આપણો નિર્ધાર છે અને આ ગુજરાતને આગળ લાવવામાં દાહોદના મહેનતુ લોકોનો સિંહફાળો છે. બે દાયકા પહેલા ગુજરાતનું બજેટ ૧૦-૧૫ હજાર કરોડ રૂપિયાનું હતું, આજે રૂ. ૩૨.૩૦ લાખ કરોડનું બજેટ છે, તેમ ગૌરવભેર જણાવી મુખ્યમંત્રી શ્રી પટેલે વધુમાં કહ્યું હતું કે, ૨ દાયકા પહેલા સરકારી યોજનાઓ અને તેના લાભો વિશે કોઈને ખબર ન્હોતી પડતી, પરંતુ હવે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને મોદીના ગેરંટી રથ થકી લોકોને ઘરે બેઠા જ સરકારી યોજનાઓનો લાભ મળે છે. અને આ લાભો થકી છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં લાવવાના અવિરત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સરકારની યોજનાઓમાં નાનો, ગરીબ અને અંતિમ હરોળના વ્યક્તિને કેન્દ્રમાં રાખવામાં આવે છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ પૂર્વક જણાવ્યું હતું. નરેન્દ્ર ભાઈ મોદીએ આપેલી પ્રજાલક્ષી વિવિધ કલ્યાણકારી યોજનાઓની દાહોદ જિલ્લામાં સફળતાની ઝાંખી આપતા શ્રી પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાંચ વર્ષમાં દાહોદ જિલ્લાને ૧.૧૦ લાખ મકાનો મળ્યા છે. પી. એમ. સ્વનિધિ યોજના હેઠળ આ જિલ્લામાં ચાર હજારથી વધારે ફેરિયાઓને લોન સહાય મળી છે. ૨.૪૪ લાખ ગેસ કનેક્શન થકી દાહોદની મહિલાઓને ધુમાડાથી મુક્તિ મળી છે. અને આજે જિલ્લાના ૧૨ લાખથી વધારે ગરીબોના બેંક ખાતા છે. વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના અંતર્ગત દાહોદમાં ૧૪.૭૭ લાખથી વધારે લોકો પાસે રૂ. ૧૦ લાખનું આરોગ્ય કવચ હોવાનું તેમણે જણાવ્યું હતું. રાજ્ય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડે પ્રાસંગિક ઉદબોધનમાં બિરસા મુંડાને યાદ કરતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા બે દાયકામાં ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું છે.

---

### પુત્ર એ જમીન જાયદાદ પોતાના નામે કરવા માટે પિતાને ધમકી આપી, પોતાના જ ઘરમાં માતા નોકરાણી!

# આવનારા સમયને સુંદર બનાવવો હોય તો, સૌકોઈ એ માનવતાના નાનાં નાનાં પ્રયત્નો કરવાં પડશે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પતિએ પત્નીની જ હત્યા કરી કે, પછી પત્ની એ પોર્પટી માટે પોતાના પતિને અંધારામાં રાખી સહી સિક્કા કરાવી લીધાં, રામ લક્ષ્મણને આદર્શ ગણાવતાં સમાજમાં ભાઈ ભાઈ વચ્ચે કોર્ટ કેસ થવો!**

આપનાં શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. બૌદ્ધિકતાનાં આ યુગમાં ઘણીવાર આપણને એવાં એવાં કિસ્સા સાંભળવા મળે, દાખલ તરીકે પતિએ પત્નીની જ હત્યા કરી કે, પછી પત્ની એ પોર્પટી માટે પોતાના પતિને અંધારામાં રાખી સહી સિક્કા કરાવી લીધાં, રામ લક્ષ્મણને આદર્શ ગણાવતાં સમાજમાં ભાઈ ભાઈ વચ્ચે કોર્ટ કેસ થવો! પુત્ર એ જમીન જાયદાદ પોતાના નામે કરવા માટે પિતાને ધમકી આપી, પોતાના જ ઘરમાં માતા નોકરાણી! આવું સાંભળીને આપણને એમ થાય કે શું માનવતા સાવ મરી ગઈ છે? પણ ત્યાં ક્યાંક ખૂણે ખાંચરે એકાદ કિસ્સો એવો પણ સાંભળવા મળે કે, જેમાં હદયને રાહત થાય કે, ના હોં! હજી એમ તો ક્યાંક ક્યાંક સારપ પણ છે, જેમ કે કેન્સર જેવી ગંભીર બિમારી માટેના ખર્ચને પહોંચી વળવા માટે કોઈ એ મોટું દાન આપ્યું! કોઈ એ પોતાની પત્નીનાં માતા પિતા માટે ઘર ખરીદ્યું, અનાથને આજીવન રાખવાનું વચન આપ્યું, કે પછી વિધવા માતાની સહાય કરવા એનાં દિકરા દીકરીની ફી ભરી દીધી! હોસ્પિટલ ન બંધાવી શકાય તો કંઈ નહીં પણ એક એક દર્દી દત્તક લેવાની વાત કરી, અને આવા સારપનાં ભાવમાં ઉતરોતર વધારો થાય એ માટે સદગુરુની કૃપાથી રોજ ચિંતનની ધારા વહે છે, જેના થકી આપણે આપણું જીવન વધુ બહેતર અને પ્રસન્નતાથી હર્યું ભર્યું બનાવી શકીએ છીએ! ચિંતનના ચાહકો દિન પ્રતિદિન વધતા જ જાય છે અને એમનાં પ્રતિભાવ પણ આવે છે! કે બેન તમે બહુ સરસ લખો છો! તમારાં વિચારો બહુ ઉચ્ચ છે! પણ વિચાર ની સાથે વર્તન જોયાડ નહીં ત્યાં સુધી એ સામેના વ્યક્તિના હદયને સ્પર્શતા નથી! એટલે ચિંતનના સારને પોતીકો બનાવી અમલમાં મુકજો, તો જ પરિણામ મળશે. બાકી વિશ્વભંર એ તો ઈચ્છ્યું નહોતું કે સમાજિક જીવન આટલું જટિલ ચિત્ર બને! આપણે જ સૌએ જીવન એટલું અઘરું બનાવી દીધું છે. એણે તો સૌના હદયમાં સૌમ્યતા પણ મુકી હતી,પણ દુનિયામાં અજબ ગજબના માનવોએ બુદ્ધિની કૃપણતાથી સામાજિક ચિત્રને એટલું બધું જટિલ અને બિભત્સ બનાવી મુક્યું છે કે, કોઈ એકના પ્રયત્નથી આ કામ થાય એમ નથી, માટે આ ટહેલ નાખવામાં આવે છે, કે આવનારા સમયને સુંદર બનાવવો હોય તો, સૌકોઈ એ માનવતાના નાનાં નાનાં પ્રયત્નો કરવાં પડશે! માનવી તરીકે જન્મ લીધો છે, તો માનવતા દાખવવી પડશે! તો સનાતન ધર્મમાં માનવતાને મોખરે રાખવામાં આવી છે, એ માનવતા શું છે? અને આપણે શું કરવું જોઈએ એ વિશે આજે ચિંતનમાં વાત કરીશું! કોઈ પણ રીતે એક માનવી બીજા અન્ય જરુરીયાત મંદ ને એનું દુઃખ દર્દ ઓછું થાય એ રીતે મદદ કરે, અને પાછાં બિલકુલ અહમ મુક્ત રહીને, તો જ એ સાચો માનવી છે, અને આ રીતે કરતાં પરોપકાર ને માનવતાનું કર્મ કર્યું કહેવાય છે. આપણાં ધર્મમા આ પ્રકારનુ કર્મ સતત થતું રહે, એ માટે એને ધર્મ સાથે જોડવામા આવે છે, કારણકે કોઈ પણ સમાજ હોય કે ધર્મ હોય, એને અમુક રીતે ડર કે પ્રલોભન બતાવે તો એ નિયમિત રુપે થાય છે! બસ આવી રીતે ધર્મ સાથે પરંપરા જોડાયેલી હોય છે. આપણે ત્યાં એક કહેવત પણ છે કે સોટી વાગે ચમચમને વિદ્યા આવે રૂમઝૂમ! અને આમ માનવીનું કર્મ અને ધર્મ બંને બેલેન્સ થાય. સમાજમાં ધર્મનું સ્થાન બની રહે તે માટે થઈને, જે કોઈ લોકો પોતાનાથી બનતો પ્રયાસ કરી, અન્યમાં પણ ધર્મની ભાવના જાગૃત રહે, તે માટે પ્રવચનો કરે, કે શિબિરો યોજે, છે કે પછી અન્ય કોઈ રીતે ધર્મની વાતો સમાજમાં પહોંચે, અને સમાજ ધાર્મિક ભાવના વાળો બની રહે, તે માટેના પ્રયત્નો થતા હોય, તે બધા જ ધર્મ યોગીઓ અથવા તો ધર્મ પ્રધાન ભાવનાથી યુક્ત છે, તેવું કહી શકાય. સમાજ ધાર્મિક હોવો બહુ જ જરૂરી છે, ધર્મ એ જીવને અનુશાસન શીખવે છે. આપણે કોઈપણ પ્રકારના ધર્મને માનતા હોઈએ, તો તે સર્વ પ્રથમ આપણને માનવ બની રહેવાનું સૂચવે છે, એટલે કે સર્વ ધર્મમાં માનવતા એ જ મુખ્ય ધર્મ છે, એવી વાત કહેવામાં આવી છે. મૂર્તિપૂજા કે વ્યક્તિપૂજાએ ધર્મનો મુખ્ય ઉદ્દેશ કદી પણ હોય ન શકે. ગાંધીજી તો સર્વ ધર્મ પ્રાર્થના પણ કરતા હતાં, અહીં બધાને એક સમાન ગણવામાં આવે છે. કદાચ અન્ય લોકો એ આપણી આ માનસિકતાનો લાભ લઈને આપણી પર શાસન પણ કર્યું, અને આજે પણ આપણે એટલે જ એનું મુલ્ય જાણે ઘટાડવા બેઠા હોઈએ, તેવો ઘાટ થયો છે. ટૂંકમાં કહીએ તો બધા જ ધર્મો સારા છે, અને તેનો મુખ્ય ઉદ્દેશ તો માનવને માનવ બની રહેવું તે જ છે, પરંતુ અર્થ નું અવળું અર્થઘટન કરી, અને આપણે મારું મારું કરી, ધર્મ ક્ષેત્ર પણ દૂષિત કર્યું છે. આપણાં સમાજમાં એટલે જ જોઈએ એટલી પ્રગતિ કે વિકાસ થતો નથી. અહીં દરેકને પોતાની વિચારધારા સાચી કે સારી છે તેવું સિદ્ધ કરવું છે, અને એકબીજાના ટાંટીયા ખેંચવાનું તેને પછાડવાના પેંતરા કરવામાં આવે છે. હિન્દુ સંસ્કૃતિના કે હિન્દુ સનાતન ધારાના મુળિયા એટલા બધાં ઉંડા છે, કે અન્ય લોકોનો આ પ્રયાસ તો ક્યારે કારગત નિવડશે નહીં, પરંતુ આપણે જો આપણી સંસ્કૃતિનું મૂલ્યાંકન નહીં કરીએ, તો અન્ય તો કોઈ કઈ રીતે કરી શકે ? એ પ્રશ્નાર્થ આજે બહુ જ મહત્વનો છે. પરંતુ આધુનિક માનવ સ્વકેન્દ્રિત થતાં શોષણના માર્ગે ચડી ગયો છે, એટલે ભારતીય સંસ્કૃતિનો મૂળ માનવતાનો ધર્મ તેનાથી ચુકાતો જાય છે. માનવતા એટલે શું? એક માનવી બીજા જરુરત મંદ માનવી પ્રત્યે સંવેદનાથી તેનું પોષણ થાય તેવું કોઈ કર્મ કરે, કે તેની જરુરીયાત વિશે વિચારીને જીવે તેને માનવતા કહેવામાં આવે છે. એટલે બાહ્ય પ્રકૃતિની જેમ જ્યારે આંતરિક પ્રકૃતિમાં અન્યનાં પોષણ માટેનો ભાવ આવે, અથવા એની માટે કોઈ નિયમ લેવામાં આવે કે, રોજ એક એવું કર્મ કરું કે જે ફક્ત મારા અને મારા પરિવાર માટે ન હોય, પછી તે કુંડાના ઝાડને પાણી પાવાથી શરૂ કરીને પાણીની પરબ સુધીનું, કે પછી કોઈ એક વ્યક્તિને ભોજન કરાવવું, તેની માનસિક જરૂરિયાત મુજબ આપણાથી થાય તેટલું કંઈક કરવું, કે પછી સામાજિક સંસ્થાઓમાં દાન આપવું, વૃદ્ધાશ્રમોમાં વૃદ્ધોની તકલીફોને સમજી સેવા કરવી, કે કંઈપણ જે ટૂંકમાં આપણા સિવાય અન્યનું પોષણ કરનાર હોય, એવા કર્મનો બોધ આપણો સનાતન ધર્મ આપે છે, અને એટલે માનવતા એજ શ્રેષ્ઠ ધર્મ છે એમ કહેવાયુ છે, અને તેના દ્વારા જ પરમ શાંતિ સુધી પહોંચી શકાય છે. આજે વિશ્વમાં સૌને શાંતિની તાતી જરૂર છે તો કોઈ કરે કે ન કરે આપણે આપણું આ કર્તવ્ય છે એમ સમજી ને પહેલ કરવી રહી તો જ આપણે માનવી કહેવાને લાયક છીએ! આપણી બુદ્ધિમાં આવી ભાવના ભળે અને આપણાથી કંઈક માનવતાના ધર્મને નિભાવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

### સ્ત્રીમાં રહેલા અંતર્યામી ઈશ્વર તે બ્રાહ્મણને આશીર્વાદ આપશે, ત્યારે કામી પુરુષ કામભાવથી તે સ્ત્રીને જોશે

# સર્વમાં સમભાવ રાખવો એ ઉત્તમોત્તમ ધર્મ છે, સર્વમાં સદભાવ રાખશો તો સુખી થશો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સદભાવ એટલે ઈશ્વરનો ભાવ. કોઈ જીવમાં કુભાવ રાખનારો ધર્મ સફળ થતો નથી, મહાભારતમાં જોઇએ છીએ કે, શ્રીકૃષ્ણ કેટલીકવાર અધર્મ કરે છે, પણ તેના મનમાં બધા પ્રત્યે સદભાવ છે**

અનેકમાં એકના દર્શન કરે એ જ્ઞાન. એકમાં ઈશ્વરના દર્શન કરે એ સાધારણ. એક બ્રાહ્મણ રસ્તામાં કોઈ સ્ત્રીને જોશે તો તેમાં લક્ષ્મીની ભાવના કરશે.આ મહા લક્ષ્મી છે. તેથી તે સ્ત્રીમાં રહેલા અંતર્યામી ઈશ્વર તે બ્રાહ્મણને આશીર્વાદ આપશે, ત્યારે કામી પુરુષ કામભાવથી તે સ્ત્રીને જોશે. તેથી તે સ્ત્રીહૃદયમાં રહેલો ઈશ્વર તે પુરુષને શ્રાપ આપશે. તમે બીજામાં ઈશ્વરની ભાવના રાખશો તો બીજા તમારા માં ઈશ્વરની ભાવના રાખશે. સર્વમાં સમભાવ રાખવો એ ઉત્તમોત્તમ ધર્મ છે.સર્વમાં સદભાવ રાખશો તો સુખી થશો. સદભાવ એટલે ઈશ્વરનો ભાવ. કોઈ જીવમાં કુભાવ રાખનારો ધર્મ સફળ થતો નથી. મહાભારતમાં જોઈએ છીએ કે, શ્રીકૃષ્ણ કેટલીકવાર અધર્મ કરે છે, પણ તેના મનમાં બધા પ્રત્યે સદભાવ છે. સદભાવ છે એટલે તેનો અધર્મ પણ ધર્મ બને છે. સર્વમાં સદ્ભાવ રાખ. અધર્મ કરવામાં આવે તો તે અધર્મ પણ ધર્મ બને છે. મહાભારતનો કર્ણપર્વ અને દ્રોણપર્વ આનાં દૃષ્ટાંતો છે. કર્ણપર્વમાં આપેલું છે કે, કર્ણ નિઃશસ્ત્ર હતો અને રથનું પૈડું જમીનમાંથી કાઢતો હતો. તે વખતે ભગવાને અર્જુનને કહ્યું કે, તું આ કર્ણને માર. તે વખતે અર્જુન કહે છે, યુદ્ધશાસ્ત્રનો નિયમ છેકે,શત્રુ જ્યારેનિઃશસ્ત્ર હોય ત્યારે તેના ઉપર પ્રહાર ન કરવો, માટે અર્જુને મારા ઉપર પ્રહાર ન કરવોજોઈએ. પણ ભગવાન કર્ણને કહે છે, કર્ણ, તેં આજ સુધી ધર્મનું પાલન કેટલું કરેલું છે? તેં ધર્મનું પાલન કરેલું નથી અને બીજાને ધર્મનું પાલન કરવા ઉપદેશ આપે છે. ભરસભામાં દ્રોપદીનું અપમાન કરવામાં આવેલું, ત્યારે તારું ધર્મનું જ્ઞાન ક્યાં ગયું હતું? તે જ પ્રમાણે દ્રોણપર્વમાં કથા આવે છે. દ્રોણાચાર્ય પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળે છે. શ્રીકૃષ્ણે વિચાર્યું કે, આ ડોસો નહીં મરે તો અનર્થ થશે. તેવામાં અશ્વત્થામા નામનો હાથી મરાયો. શ્રીકૃષ્ણે વિચાર્યું, જો દ્રોણાચાર્યને કહેવામાં આવે કે તમારો પુત્ર મરાયો છે તો પુત્રશોકને કારણે તે યુદ્ધ બંધ કરશે એટલે અશ્વત્થામા હણાયો તેમ કહેવામાં આવે છે. દ્રોણાચાર્ય સમજે છે, છોકરો મરી ગયો. છતાં ખાતરી કરવા તે ધર્મરાજાને પૂછે છે. યુધિષ્ઠિરને ભગવાન કહે છે કે, બોલો,અશ્વત્થામા હણાયો. યુધિ ષ્ઠિર કહે છે કે, મારાથી અસત્ય કેમ કહેવાય.ત્યારે ભગવાન કહે છે, સર્વનું કલ્યાણ થાય તે સત્ય. દ્રોણાચાર્ય બ્રાહ્મણ થઈ અધર્મી દુર્યોધનને મદદ કરી રહ્યા છે. તેઓ યુદ્ધ છોડી દે તો અધર્મ છૂટી જાય.માટે કહું છું,બોલો,અશ્વ સ્થામા હણાયો! ભગવાનના આગ્રહથી બોલવું પડ્યું કે, અશ્વ ત્થામા હણાયો, પણ આ ખોટું બોલવાનું પાપ ન લાગે એટલે ધીમેથી બોલ્યાં, કાં નર, કાં હાથી! પણ છેલ્લા શબ્દો કોઈને ન સંભળાય એટલે પ્રભુએ જોરથી શંખનાદ કર્યો અને ખરેખર આ છેલ્લા શબ્દો કોઈને સંભળાયા નહીં. દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો પણ એ યજ્ઞધર્મ શિવજી પ્રત્યે કુભાવ રાખીને કરવાથી એ અધર્મરૂપ બની દક્ષને મારનારો થયો અને શ્રીકૃષ્ણનો અસત્ય ભાષણરૂપ સર્વનું કલ્યાણ કરવાની ભાવનાથી કરેલો હોવાથી ધર્મરૂપ ગણાયો. સત્કર્મ કરતાં શુદ્ધ ભાવ રાખો. ભગવદ્ ભાવ રાખો. હૃદય શુદ્ધ રાખો એ મોટામાં મોટું તપ છે. તેથી સૌના અહંકારથી બ્રહ્મ કર્મનો આરંભ કરું છું. એ મંત્ર બોલીને દરેક સત્કાર્યની શરૂઆત કરવાની હોય છે. મૈત્રેયજી પછી કર્દમની કન્યાઓના વંશનું વર્ણન કરે છે.મરીચિ અને કલાને ત્યાં કશ્યપ અને પૂર્ણિમા નામના બે પુત્રો થયેલા. અત્રિની પત્ની અનસૂયાથી દત્તાત્રેય,દુર્વાસા અને ચંદ્રમા નામના ત્રણ પુત્રો થયા છે.તે અનુક્રમે વિષ્ણુ,શંકર અને બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયેલા. દત્તાત્રેય અત્રિના ઘરે આવે છે. પુરુષ અત્રિ જેવો તપસ્વી બને અને સ્ત્રી અનસૂયા જેવી તપસ્વિની બને, તો આજે પણ દત્તાત્રેય આવવા તૈયાર છે. અત્રિ એટલે નત્રિ. ત્રણ નથી તે અત્રિ. ત્રણ એટલે સત્ત્વ, રજ, તમ. એ ત્રિગુણનો નાશ કરી જે નિર્ગુણી બને તે અત્રિ, સત્ત્વ, રજ તમ - આ ત્રણ ગુણમાં જીવ મળી ગયો છે. આ ત્રણ ગુણોમાં જીવ મળે છે. આ ત્રણ ગુણને છોડીને બ્રહ્મસંબંધ કરવાનો છે. ત્રિગુણાતીત બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયો છે તે અત્રિ. તર્જની આંગળી જીવભાવ-અભિ માન બતાવે છે. જીવમાં અભિમાન પ્રધાન છે.ટચલીઆંગળીસત્ત્વગુણ છે. અંગૂઠો એ બ્રહ્મ છે. તેથી પુષ્ટિ સંપ્રદાયમાં ઠાકોરજીને તિલક અંગૂઠાથી થાય છે. શરીરમાં તમોગુણ છે તેને રજો ગુણથી મારો,દૂર કરો. રજોગુણને સત્ત્વગુણથી મારો એટલે કે નષ્ટ કરો. રજોગુણ કામ અને ક્રોધનો જનક છે. સત્કર્મથી સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ પણ બંધન કરે છે. એમાં પણ થોડો અહંભાવ રહી જાય છે. માટે છેવટે સત્ત્વગુણને સત્ત્વગુણથી મારવાનો. સત્ત્વગુણનો પણ ત્યાગ કરવાનો છે અને નિર્ગુણી થવાનું છે. જીવ અત્રિ થાય તો તેની બુદ્ધિ અનસૂયા બને. અનસૂયા વગરની બુદ્ધિ એ જ અસૂયા. બુદ્ધિમાં ગણમાં પોટો દોષ અસયા છે, મત્સર છે. બીજાનું સારું જોઈ ઈર્ષ્યા કરે, બળે એ જ અસૂયા મત્સર. અસૂયા ઈશ્વરના માર્ગે જવામાં અવરોધક છે. પરદોષનો વિચારએ શ્રીકૃષ્ણદર્શનમાં વિઘ્ન કરે છે. બુદ્ધિમાં જ્યાં સુધી અસૂયા મત્સર હશે ત્યાં સુધી તે ઈશ્વરનું ચિંતન કરી શકશે નહીં. જેની બુદ્ધિ અનસૂયા-અસૂયા વિનાની બને એ જ અત્રિ બને. પછી દત્તાત્રેય પધારે. જીવ ત્રણ ગુણોનો ત્યાગ કરી નિર્ગુણી બને અને બુદ્ધિઅસૂયા વિનાનીનિષ્કામ બને ત્યારે ભગવાન પ્રગટ થાય છે. તેથી અસૂયા-ઈર્ષ્યા કોઇની ન કરો. અનસૂયા મહાન પતિવ્રતા છે.

એક વખત નારદજી કૈલાસમાં આવ્યા. તે વખતે શંકર સમાધિમાં હતા. પાર્વતીજી નારદજીને પ્રસાદ આપે છે.નારદજી કહે છે,લાડુ બહુ સુંદર છે. પણ અનસૂયાનો લાડુ તમારા લાડુ કરતાં શ્રેષ્ઠ છે. પાર્વતીજી પૂછે છે, એ અનસૂયા કોણ છે? નારદજી કહે, અનસૂયા મહાન પતિવ્રતા છે. પાર્વતીના મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. મારાથી અનસૂયા વધે? શંકર સમાધિમાંથી જાગ્યા. પાર્વતી વંદન કરે છે. ઘરનું માણસ બહુ નમે, સેવા કરે ત્યારે માનવું કે ખાડામાં ઉતારવાની તૈયારી છે. પાર્વતીએ શંકર પાસે માગણી કરી.કોઈપણ પ્રકારે અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય તેવું કરો! આ બાજુ નારદજી વૈકુંઠલોકમાં આવ્યા ને લક્ષ્મીજી મળ્યા. કહે, વૈકુંઠમાં મહિમા પહેલાં હતો, પણ હવે તો અનસૂયાના આશ્રમ જેવું ક્યાંય નહીં! લક્ષ્મીજીએ વિષ્ણુને કહ્યું કે, આપ એવું કાંઈક કરો કે જેથી અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય. પાર્વતી એટલે બુદ્ધિ. બુદ્ધિ-વિદ્યામાં મત્સર છે.લક્ષ્મી એટલે દ્રવ્ય. દ્રવ્યમાં ઈર્ષ્યા-અસૂયા હેલી છે. બ્રહ્માણી એ રજોગુણ છે, ત્યાં પણ ઈર્ષ્યા છે. સાવિત્રીજીએ પણ આ પ્રમાણે બ્રહ્માને વિનંતી કરી. શંકર-વિષ્ણુ-બ્રહ્મા ત્રણ દેવો સાધુ વેશે ભિક્ષા માગવા અનસૂયાના આશ્રમમાં આવે છે. કહે છે, તમે નગ્ન થઈને ભિક્ષા આપો તો અમે લઈશું. અનસૂયા વિચારે છે કે, જો નગ્ન થઈને ભિક્ષા આપું તો મારા પતિવ્રતનો ભંગ થાય અને ભિક્ષા ન આપું તો આંગણે આવેલા અતિથિ પાછા જાય. મને પાપ લાગે. નગ્ન થઈ ભિક્ષા આપો એવી પ્રભુ માગણી કરે છે, એટલે વૈષ્ણવ પ્રભુને વાસનારહિત થઈ ભિક્ષા આપે. ઈશ્વરને વાસનારહિત થઈ, નિષ્કામ થઈ સર્વ વસ્તુ અર્પણ કરવાની છે. અનસૂયાના મનમાં કોઈ વાસના ન હતી. સૂક્ષ્મ વાસના પણ જો મનમાં હોય તો ત્રણ દેવો આવતા નથી. અનસૂયાએ ધ્યાન ધર્યું અને ત્રણ દેવો ઉપર પાણીની અંજલિ છાંટી. ત્રણ દેવો બાળક બની ગયા. પતિવ્રતામાં એવી શક્તિ છે. પાવતી,લક્ષ્મી અને સાવિત્રી પોતાના પતિઓને શોધવા નીકળી. ત્રણે દેવીઓ ચિત્રકૂટમાં આવી. એટલામાં નારદ ત્યાં આવ્યા. દેવીઓએ તેમને પૂછ્યું, અમારા પતિઓના કાંઈ સમાચર જાણતા હોય તો કહો. નારદજી કહે, પહેલા કહો કોણ મોટું? તમે કે અનસૂયા?દેવીઓ કહે છેઅનસૂયા મોટાં!હવે નારદજી કહે છે,તમારા પતિઓ અનસૂયાના ઘરમાં ઘોડીએ હીંચે છે! બીજા સાથે અનસૂયા કરનારને શાંતિ મળતી નથી. દેવીઓ ગભરાય છે. ત્યાં જઈએ અને અનસૂયા શ્રાપ આપે તો? નારદજી કહે છે, તમે ભલે મત્સર કહો પણ અનસૂયા મત્સર કરશે નહીં. દેવી ઓ આશ્રમમાં દેવી પાસે આવી. અનસૂયાએ પ્રતિજ્ઞા કરાવી કે,અમે કદી કોઈ પતિવ્રતા સીને નહીં પજવીએ. અત્રિ ઋષિ પૂછે છે કે, આ ત્રણ બાળકો કોણ? અનસૂયા કહે છે, આ ત્રણ મારા છોકરાઓ છે અને આ ત્રણે છોકરાઓની વહુઓ છે. પછી જળ છાંટ્યું. ત્રણ દેવો પ્રગટ થયા. આ ત્રણે દેવોનું તેજ ભેગું થવાથી ગુરુ દત્તાત્રેય પ્રગટ થયા છે.

વાચક ચાહક મિત્રો, ગઈકાલથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ શરૂ થઈ છે તો શાંત ચિતે નિર્ભય બનીને પરીક્ષા આપી શ્રેષ્ઠ પરિણામ મેળવો તેવી શુભેચ્છા પાઠવું છું.

# અજય દેવગનની શૈતાન મુવીએ પહેલાં દિવસે કરી ૧૫.૫૦ કરોડ રૂપિયાની કમાણી

**સુપરનેચરલ થ્રિલર** | **ફિલ્મએ ઘરેલુ બોક્સ ઓફિસ પર ડબલ ડિઝિટમાં ઓપનિંગ કર્યુ છે**

અજય દેવગન, આર માધવન અને જ્યોતિકા સ્ટારર 'શૈતાન' ૮ માર્ચના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મ 'શૈતાન'નું જ્યારથી ટિઝર અને ટ્રેલર લોન્ચ થયુ છે ત્યારથી ફેન્સ આ મુવીને લઈને સુપર એક્સાઈટેડ થઈ ગયા છે. આ ફિલ્મમાં કાળા જાદુનો ખેલ જોવા મળી રહ્યો છે. અજય દેવગન અને જ્યોતિકા ફિલ્મમાં આ કાળા જાદુ અને શૈતાનનો સામનો કરતા જોવા મળી રહ્યા છે. બ્લેક મેઝિક કરનાર આ શૈતાન કોઈ બીજુ નહીં, પરંતુ આર માધવન છે. અજય દેવગનની 'શૈતાન' મુવીએ એડવાન્સ બુકિંગ કલેક્શન કર્યા પછી પહેલાં દિવસે પણ શાનદાર કમાણી કરી છે. 'શૈતાન'ના પહેલાં દિવસની કમાણીના આંકડા સામે આવી ગયા છે. સુપરનેચરલ થ્રિલર ફિલ્મ 'શૈતાન' શુક્રવારના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થઈ ગઈ છે. આ ફિલ્મને લઈને લોકો ખૂબ સારા રિવ્યુ આપી રહ્યા છે. ફિલ્મએ ઘરેલુ બોક્સ ઓફિસ પર ડબલ ડિઝિટમાં ઓપનિંગ કર્યુ છે. સુપરનેચરલ થ્રિલરમાં અજય દેવગન, જ્યોતિકા અને આર માધવન લીડ રોલમાં છે. 'શૈતાન' મુવીએ પહેલાં દિવસે ભારતમાં બધી ભાષાઓમાં લગભગ ૧૫.૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી. શુક્રવારના રોજ ૮ માર્ચ, ૨૦૨૪એ શૈતાનની કુલ ૨૫.૭૦ હિન્દી ઓક્યુપન્સી હતી. શૈતાન જિયો સ્ટૂડિયોઝ, અજય દેવગન ફિલ્મ્સ અને પેનોરમા સ્ટૂડિયોઝ ઈન્ટરનેશનલની




પ્રસ્તુતિ છે અને આ દેવગન, જ્યોતિ દેશપાંડે, કુમાર મંગત પાઠક અને અભિષેક પાઠક દ્વારા નિર્મિત છે. આજે શૈતાન મુવી રિલીઝ થઈ ગઈ છે. અજય દેવગનની આ વર્ષે બેક ટુ બેક અનેક ફિલ્મો રિલીઝ થશે. આ દિવસોમાં સિંઘમ અગેનના પ્રોડક્શનમાં વ્યસ્ત છે જેનું નિર્દેશન રોહિત શેટ્ટી કરી રહ્યા છે. સિંઘમ એક ફેમસ ફ્રેન્ચાઈઝ છે જેના અત્યાર સુધીમાં બે પાર્ટ બનીને રિલીઝ થઈ ગયા છે. બન્ને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી હતી. આ સિવાય અજય દેવગનની પાસે મૈદાન, ઔરોં મેં કહાં દમ થા, રેડ ૨, સન ઓફ સરદાર ૨, ધમાલ ૪ જેવી ફિલ્મો છે. આ ફિલ્મો એક પછી એક મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે.

**તેણીએ તેનો ઇનકાર કર્યા પછી તેણી પર શારીરિક હુમલો કર્યો હતો**

# એક મિત્ર સાથે સૂવા માટે હરાજી કરી હતી

જ્યારે કરિશ્મા કપૂરે આરોપ લગાવ્યો હતો કે તેના ભૂતપૂર્વ પતિ સંજય કપૂરે તેણીને તેના એક મિત્ર સાથે સૂવા માટે હરાજી કરી હતી અને તેણીએ તેનો ઈનકાર કર્યા પછી તેણી પર શારીરિક હુમલો કર્યો હતો. કરિશ્મા કપૂરના પિતા અને પીઢ અભિનેતા રણધીર કપૂરે તેમની પુત્રીના છૂટાછેડા પછી તેમના ભૂતપૂર્વ જમાઈ સંજય કપૂરને 'થર્ડ ક્લાસ' માણસ કહ્યા હતા. કરિશ્મા કપૂરના સાનિયા કપૂર સાથેના લગ્ન દુઃસ્વપ્રથી ઓછા નહોતા કારણ કે અભિનેત્રીએ આરોપ લગાવ્યો હતો કે તે તેને તેના મિત્રો સાથે સૂવા માટે દબાણ કરતી હતી અને તેની હરાજી કરવાનો પ્રયાસ પણ કર્યો હતો.

૨૦૦૩માં સંજય સાથે લગ્ન કરનાર કરિશ્માએ તેમના બાળકોની કસ્ટડી માટે કાયદાકીય લડાઈ સાથે છૂટાછેડાની અરજી દાખલ કરી હતી, અરજીમાં કરિશ્માએ દાવો કર્યો હતો કે સંજયે તેમના હનીમૂન દરમિયાન તેની હરાજી કરવાનો પ્રયાસ કર્યો હતો અને તેની કિંમત પણ નક્કી કરી હતી. મિત્રો સાથે સૂવા માટે, અને જ્યારે તેણીએ ના પાડી ત્યારે તેણે તેણી પર શારીરિક હુમલો કર્યો. તેણીની સાસુ દ્વારા આપવામાં આવેલા પોશાક જ્યાં સંજયે તેની મમ્મીને તેને થપ્પડ મારવા વિનંતી કરી હતી. અભિનેત્રીએ ઘરેલુ હિંસાનો સામનો કરવાનો ખુલાસો કર્યો અને કોર્ટમાં આ ભયાનક ઘટનાનું વર્ણન કર્યું. કરિશ્માએ ઘરેલુ હિંસા અંગે સંજય અને તેની માતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી, ખારના



**અરજીમાં કરિશ્માએ દાવો કર્યો હતો કે સંજયે તેમના હનીમૂન દરમિયાન તેની હરાજી કરવાનો પ્રયાસ કર્યો હતો**



એક પોલીસ અધિકારીએ આ સમાચારની પુષ્ટિ કરી હતી અને તેમના નિવેદનમાં કહ્યું હતું કે, ''અમે કેસ નોંધ્યો છે અને આરોપોના આધારે આ મામલે તપાસ કરીશું. અમે આવતા અઠવાડિયે સંજય અને તેની માતાની પૂછપરછ કરીશું''. આવું ૨૦૧૬માં થયું હતું. કરિશ્માનું લગ્નજીવન ખરાબ હતું અને તેનો પરિવાર તેની સાથે હતો અને તેણે તેને મૂંઝવણમાંથી બહાર કાઢી અને પોતાની જાતનું શ્રેષ્ઠ સંસ્કરણ બનાવ્યું. કરિશ્માએ તેના પૂર્વ પતિ સંજયથી ૧૦ વર્ષ પહેલા વિદાય લીધી હતી. આજે તે ખૂબ જ ખુશ અને સ્વસ્થ જગ્યામાં છે. અભિનેત્રીએ તેની અભિનય કારકિર્દીને પણ પુનર્જીવિત કરી છે અને તે સારા અલી ખાન સાથે મર્ડર મુબારકમાં આગામી સમયમાં જોવા મળશે.

**વિડીયો જોઇને લોકોએ કહ્યું દોસ્તી હોય તો આવી**

# જયદીપ અહલાવતની ટીશર્ટે ખેંચ્યુ લોકોનું ધ્યાન

શૈતાન મુવીને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે. આમ વાત કરવામાં આવે તો જયદીપ અહલાવત ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની દમદાર એક્ટિંગ માટે જાણીતા છે. જયદીપ અહલાવતે રણબીર કપૂર સ્ટારર રોકસ્ટારથી અક્ષય કુમારની ખટ્ટા મીઠા જેવી અનેક શાનદાર ફિલ્મોમાં જબરજસ્ત કામ કર્યુ છે, પરંતુ એમને અસલી ઓળખ ગેંગ્સ ઓફ વાસેપુરથી મળી. આ ફિલ્મ પછી એમની કિસ્મત પૂરી રીતે બદલાઈ ગઈ. એક્ટર જયદીપ અહલાવતને હાલમાં અજય દેવગન, આર માધવન અને જ્યોતિકાની શૈતાનની સ્ક્રીનિંગમાં જોવા મળ્યો હતો, ત્યારબાદ એ સોશિયલ મિડીયામાં છવાઈ ગયા છે. અજય દેવગનની ફિલ્મ 'શૈતાન' સિનેમાઘરોમાં શુક્રવારના રોજ એટલે ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રિલીઝ થવા માટે તૈયાર છે. 'શૈતાન'નું જ્યારથી ટ્રેલર રિલીઝ થયુ છે ત્યારથી લોકોની વચ્ચે આ ફિલ્મને લઈને જબરજસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. રિલીઝના એક દિવસ પહેલાં 'શૈતાન'નું સ્પેશિયલ સ્ક્રીનિંગ રાખવામાં આવી હતી. આ દરમિયાન અજય દેવગન, આર માધવન અને જ્યોતિકા પરિવાર સાથે શામેલ થયા હતા. અજય દેવગન દિકરા યુગ દેવગન સાથે જોવા મળ્યો. આ દરમિયાન અજય બ્લુ આઉટફિટમાં જોવા મળ્યા. એક્ટર અજયનો દિકરો યુગ દેવગન ચેક્સ શર્ટમાં જોવા મળ્યો. જો કે આ સમયે જયદીપ આહલાવતની ટી-શર્ટે લોકોનું ધ્યાન ખેંચ્યુ હતુ. ફિલ્મ 'શૈતાન' દરમિયાન જયદીપ અહલાવત પણ



નજર પડ્યા. આ દરમિયાન જયદીપ અહલાવતે ખાસ ટી-શર્ટ પહેરી હતી, જેની પર દિવંગત અભિનેતા ઈરફાન ખાનની તસવીર હતી. સોશિયલ મિડીયામાં આ વિડીયો વાયરલ થઈ રહ્યો છે. ત્યારબાદ લોકો એમના વખાણ કરી રહ્યા છે અને કહી રહ્યા છે કે દોસ્ત હોય તો આવા. જયદીપ અહલાવતે બ્લેક ટી શર્ટ પહેરી છે જેમાં ઈરફાન ખાનનો ફેસ પ્રિન્ટેડ છે. પેપરાઝી સામે પોઝ આપતા એમની ટિશર્ટની ઝલક જોવા મળી.

# કલ્કિ ૨૮૯૮ એડીઃ પ્રભાસનો ભૈરવ તરીકેનો દેખાવ

**ચાહકો ફિલ્મમાં સાલાર સ્ટારના અલગ-અલગ અવતારોને જોઈને ગાંડા થઈ ગયા**

કલ્કિ ૨૮૯૮ એડીઃ પ્રભાસ નિર્માતાઓ દ્વારા જાહેર કરાયેલ ઉગ્ર ભૈરવ તરીકે દેખાય છે. ચાહકો માચો સ્ટારના વૈવિધ્યસભર દેખાવને જોવા માટે ઉત્સાહિત છે. કલ્કી ૨૮૯૮ એડી ૨૦૨૪ ની સૌથી મોટી ફિલ્મોમાંની એક છે. આ ફિલ્મમાં પ્રભાસ, દિશા પટણી, દીપિકા પાદુકોણ અને અમિતાભ બચ્ચન મુખ્ય ભૂમિકામાં છે. આજે, મહાશિવરાત્રી ૨૦૨૪ ના અવસર પર, નિર્માતાઓએ અમને ભૈરવ તરીકે પ્રભાસનો અવતાર બતાવ્યો છે. અમે પ્રભાસને જેકેટ અને મેન બન જેવા શ્રગમાં જોઈ શકીએ છીએ. માચો સ્ટાર પ્રભાવશાળી લાગે છે. ગઈકાલે ઈટાલીમાં કલ્કી ૨૮૯૮ એડીના સેટ પરથી પ્રભાસ અને દિશા પટણીની એક તસવીર વાયરલ થઈ હતી. અમે જોઈ શકીએ છીએ કે તેણી ધાબળામાં લપેટી હતી જ્યારે તેણે પફર જેકેટ પહેર્યું હતું. તેઓ દરિયા કિનારે હતા. ભૈરવ નામનો અર્થ થાય છે



ભગવાન શિવ તેમના એક ઉગ્ર સ્વરૂપમાં. મહાશિવરાત્રીના અવસર પર, આ બધા ચાહકો માટે એક ટ્રીટ હતી. કલ્કિ ૨૮૯૮ એડી ચાહકોએ પ્રભાસના લુક પર પ્રતિક્રિયા આપી છે. એવું લાગે છે કે નાગ અશ્વિન અને સહે ડિસ્ટોપિયન એક્શન ફિલ્મમાં તેના માટે અલગ-અલગ અવતાર બનાવવા પર કામ કર્યું છે. આદિપુરુષ અને સાલાર જેવી ફિલ્મોમાં તેનો માત્ર એક જ દેખાવ હતો.

**બસ્તર ધ નક્સલ સ્ટોરી નવો પ્રોમોઃ તે તમારું સંપૂર્ણ ધ્યાન ખેંચશે**

# ગંભીર કટોકટી વચ્ચે રાજકારણીઓ પર અદા શર્માની હતાશા તમારું ધ્યાન આકર્ષિત કરશે

**અદા શર્મા સ્ટારર બસ્તરઃ ધ નક્સલ સ્ટોરી તેની રિલીઝની તૈયારી કરી રહી છે, ફિલ્મનો નવો પ્રોમો રિલીઝ કરવામાં આવ્યો છે**




અદા શર્માએ ૨૦૨૩ની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મોમાંની એક એટલે કે ધ કેરળ સ્ટોરી આપી. તે હવે બસ્તરઃ ધ નક્સલ સ્ટોરી નામની દેશની સત્ય ઘટનાઓ પર આધારિત બીજી ફિલ્મ માટે તૈયારી કરી રહી છે. આ ફિલ્મ ૧૫મી માર્ચ ૨૦૨૩ના રોજ રીલિઝ થવાની છે. તે નક્સલીલ્ટે-માઓવાદી વિદ્રોહની આસપાસ કેન્દ્રિત છે. અદા શર્મા આઈજી નીરજા માથુરની ભૂમિકા નિભાવી રહી છે. બસ્તરઃ ધ નક્સલ સ્ટોરીનું ટ્રેલર, પોસ્ટર્સ અને ટીઝર વીડિયોએ અત્યાર સુધી દર્શકોને પ્રભાવિત કર્યા છે. આકર્ષક બસ્તર ધ નક્સલ સ્ટોરીના ટ્રેલરે દર્શકોને ચોંકાવી દીધા છે. અને હવે, મેકર્સ દ્વારા એક નવો પ્રોમો રિલીઝ કરવામાં આવ્યો છે. બસ્તર ધ નક્સલ સ્ટોરીનો નવો પ્રોમો દર્શાવે છે કે અદા શર્મા ઉર્ફે નીરજા માથુરને તેની ટીમના સાથી દ્વારા જાણ કરવામાં આવી છે કે તેણીની ધારણા સાચી છે. નક્સલીઓનો નાશ કરવાની યોજના છે. નીરજાને તેમના દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવે છે તે વિશે વધુ એક ધારણા મળે છે. નીરજા મંત્રીને ફોન કરે છે અને બેકઅપ મોકલવા કહે છે. જો કે મંત્રીએ ના પાડી. નીરજા મંત્રીને વિનંતી કરે છે કે તેના માણસો સવાર સુધીમાં મૃત્યુ પામી શકે છે પરંતુ મંત્રી હટવાનો ઈનકાર કરે છે.

નીરજા મંત્રી અને સત્તામાં રહેલા માણસોના રાજકીય એજન્ડાને શાપ આપે છે. અદા શર્માનું નીરજા માથુરનું પાત્ર તમને ચોંકાવી દેશે. તેણીની હતાશા તમારી નસોમાં પ્રવેશ કરશે અને તમને દેશની રાજકીય સ્થિતિ પર તેનો ગુસ્સો અનુભવશે. અદાએ પહેલાથી જ ધ કેરલા સ્ટોરીમાં તેના અભિનય ચોપ્સથી દરેકને પ્રભાવિત કર્યા છે અને હવે તે બસ્તર ધ નક્સલ સ્ટોરી સાથે તેની કેપમાં વધુ એક પીછા ઉમેરવા માટે તૈયાર છે. અદા શર્મા ઉપરાંત, ફિલ્મમાં રાયમા સેન, ઈન્દિરા તિવારી, શિલ્પા શુક્લા, સુબ્રત દત્તા અને યશપાલ શર્મા પણ છે. ધ કેરળ સ્ટોરીનું દિગ્દર્શન કરનાર સુદીપ્તો સેન ફરી એક વાર દિગ્દર્શકની જવાબદારી સંભાળી છે. વિપુલ અમૃતલાલ શાહ સનશાઈન પિક્ચર્સના બેનર હેઠળ બસ્તર ધ નક્સલ સ્ટોરીનું નિર્માણ કરી રહ્યા છે. અમરનાથ ઝા, સુદીપ્તો સેન અને વિપુલ અમૃતલાલ શાહે સુદીપ્તો સાથે સ્ક્રિપ્ટ લખી છે.



વિડીયોમાં એક ફેન સેલ્ફી લેવાની કોશિશ કરી છે અને ભાઇજાનના હાવભાવ બદલાઇ જાય છે

# સલમાન ખાન ગુસ્સાથી થઇ ગયો લાલઘૂમ, વિડીયો જોઇને ફેન્સ ગુસ્સ

હમ યહાં કે રોબિનહુડ પાંડે હૈ, રોબિનહુડ પાંડેપસ્વાગત નહીં કરોગે આપ હમારા?' રોબિનહુડ પાંડે એટલે કે સલમાન ખાન. સલમાન ખાનને જોતાની સાથે ફેન્સ પાગલ થઈ જાય છે. લગભગ છેલ્લા ૩૫ વર્ષથી ઈન્ડસ્ટ્રી પર રાજ કરી રહેલા સલમાન ખાનને દર્શકોને અઢળક પ્રેમ મળે છે. પોતાના પ્રેમ અને દયાળુ ભાવને કારણે સલમાન હંમેશા લોકોના દિલમાં ફિદા કરે છે. આટલું જ નહીં ક્યારેક પોતાના ગુસ્સાને લઈને ટ્રોલ થતા હોય છે. આમ, સલમાનનો આ વિડીયો જોઈને એક્ટર ફેન પર ભડકી રહ્યા છે. જો કે સલમાનનો આ વિડીયો હાલમાં વાયરલ થઈ રહ્યો છે. સલમાનનો એક વિડીયો હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં એક ફેને સેલ્ફી લેવાની કોશિશ કરી તો ભાઈજાનના હાવભાવ બદલાઈ ગયા. ત્યારબાદ કંઈક એવું થયુ કે ટ્રોલ્સ એમને ખરી-ખોટી સંભળાવી રહ્યા છે. એરપોર્ટ પર એક ફેન સલમાન ખાન સાથે ફોટો અને વિડીયો લેવાની કોશિશ કરી રહ્યા હતા, પરંતુ જેવી સલમાન ખાનની નજર એના શખ્સ પર પડી તો ગુસ્સાથી લાલ થઈ ગયો. સલમાન અને આ શખ્સ ઘણાં દૂર હતા, પરંતુ સલમાનને આ વિડીયો અને ફોટો ક્લિક કર્યો એ જરા પણ ગમતુ નથી. સલમાને પહેલાં સેલ્ફી લેનારા શખ્સની આંગળી બતાવીને ફટકાર લગાવી અને પછી સલમાનની સાથે ચાલી રહેલા સિક્યોરિટી ટીમે એમનો ફોન બંધ કરવાની ચેતવણી આપી. આ વિડીયોને જોઈને ટ્રોલ્સ કહી રહ્યા છે કે ભાઈનો મૂડ ક્યારેય પણ ચેન્જ થઈ શકે છે. એક બીજા યુઝર્સે લખ્યુ છે કે મને યાદ છે કે કેવી રીતે સલમાને મારા કઝિનનો ફોટો લઈ રહ્યા છે અને એમને કેમરાને નીચે કરવા માટેનું કહ્યું હતુ. સલમાન ખાન હાલમાં જામનગરથી પાછા ફર્યા છે, જ્યાં મુકેશ અંબાણી અને નીતા અંબાણીની સાથે એમના દિકરા અનંત અંબાણીના આગામી લગ્નના જશ્ન મનાવવા માટે શામેલ થયા. આમ, તમને જણાવી દઈએ કે અનંત અંબાણી આ વર્ષે રાધિકા મર્ચેન્ટ સાથે લગ્ન કરશે. લગ્ન પહેલાં જામનગરમાં ત્રણ દિવસ માટે પ્રી વેડિંગ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યુ. સલમાન સહિત આ પાર્ટીમાં શાહરુખ ખાન અને આમિર ખાન તેમજ બીજા અનેક બોલિવૂડ સ્ટાર્સ શામેલ થયા હતા.

**બોલિવૂડમાં એવા ઘણા સ્ટાર્સ** | **હજુ સુધી લગ્ન નથી કર્યા અને એકલા જ ખુશી સાથે પોતાનું જીવન જીવી રહ્યાં છે**

# ૭ સ્ટાર્સ આજ સુધી નથી લીધું લગ્ન કરવાનું નામ

છેલ્લા કેટલાક સમયથી જ્યાં એક તરફ એક પછી એક બોલિવૂડ સ્ટાર્સના લગ્ન થઈ રહ્યા છે તો બીજી તરફ કેટલાક એવા સ્ટાર્સ છે જેમણે અત્યાર સુધી લગ્ન નથી કર્યા અને એકલા ખુશીથી જીવન વિતાવી રહ્યા છે. આ લિસ્ટમાં પહેલું નામ સલમાન ખાનનું છે અને લિસ્ટમાં ત્રીજું નામ ખૂબ જ ચોંકાવનારું છે. તો ચાલો, અમે તમને એવા ૭ સ્ટાર્સના નામથી પરિચિત કરાવીએ જેઓ હજુ પણ સિંગલ છે. સલમાન ખાન ૫૮ વર્ષનો થઈ ગયો છે, પરંતુ તેણે હજુ સુધી લગ્ન કર્યા નથી. જોકે, સલમાન લગ્નને લઈને સૌથી વધુ ચર્ચામાં રહે છે. તમને જણાવી દઈએ કે, જો કે સલમાનનું નામ ઘણી હસીનાઓ સાથે જોડાયું હતું, પરંતુ વાત લગ્ન સુધી પહોંચી શકી ન હતી. સુષ્મિતા સેનનો જાદુ હજુ પણ સ્ક્રીન પર જોવા મળી રહ્યો છે. ૪૮ વર્ષની ઉંમરમાં પણ સુષ્મિતાની સુંદરતા બરકરાર છે, પરંતુ તેણે હજુ સુધી લગ્ન કર્યા નથી, જો કે તેનું નામ પણ ઘણા લોકો સાથે જોડાઈ ચૂક્યું છે, તેમ છતાં તે પોતાનું જીવન એકલી જીવી રહી છે. આ લિસ્ટમાં ત્રીજું નામ ખૂબ



જ ચોંકાવનારું છે, કારણ કે તે નામ ૯૦ના દાયકાની સુપરહિટ એક્ટ્રેસ તબ્બુનું છે. જી હા, ૫૨ વર્ષની તબ્બુ હજુ પણ કુંવારી છે. તેણે પણ હજુ સુધી કોઈ સાથે લગ્ન કર્યા નથી, પરંતુ તે હજુ પણ એક્ટિંગમાં સક્રિય છે અને સતત ફિલ્મોમાં કામ કરતી જોવા મળે છે. બ્લોકબસ્ટર ફિલ્મ 'કહો ના પ્યાર હૈ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર એક્ટ્રેસ અમીષા પટેલ પણ અત્યાર સુધી તેના જીવનમાં સિંગલ રહી છે. તેનું ફિલ્મી કરિયર ઉતાર-ચઢાવથી ભરેલું હતું, પરંતુ તેની તાજેતરની ફિલ્મ 'ગદર ૨'માં તેની સુંદરતા જોઈને કોઈને વિશ્વાસ ન થયો કે તે ૪૮ વર્ષની છે. બ્લોકબસ્ટર ફિલ્મ 'મોહબ્બતેં'થી ફિલ્મોમાં એન્ટ્રી કરનાર ઉદય ચોપરા ૫૧ વર્ષની ઉંમરે પણ સિંગલ છે અને તેણે કોઈ સાથે લગ્ન કર્યા નથી. જો કે ઉદયે ઘણી બ્લોકબસ્ટર ફિલ્મોમાં કામ કર્યું હતું, પરંતુ લોકોને તેની એક્ટિંગ પસંદ ન આવી, તેથી તેણે પોતાની જાતને એક્ટિંગથી દૂર કરી લીધી. અભય દેઓલનું ફિલ્મી કરિયર કંઈ ખાસ નથી રહ્યું અને તેથી જ તે ફિલ્મોથી દૂર રહ્યો. તે ૪૭ વર્ષનો થઈ ચુક્યો છે, પરંતુ અત્યાર સુધી તેણે કોઈ સાથે લગ્ન કર્યા નથી. આ લિસ્ટમાં છેલ્લું નામ દિગ્ગજ અભિનેતા વિનોદ ખન્નાના દીકરા અક્ષય ખન્નાનું છે, જેમણે પોતાના કરિયરમાં બોક્સ ઓફિસ પર ઘણી ફિલ્મો આપી અને હજુ પણ ફિલ્મોમાં એક્ટિવ છે. અક્ષય ૪૮ વર્ષનો થઈ ગયો છે, પરંતુ તેણે પણ લગ્ન કર્યા નથી અને આજે પણ તે એકલો ખુશીથી પોતાનું જીવન જીવી રહ્યો છે.

# ઝાલોદ નગરમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો શુભારંભ ઠુઠી કંકાસીયા ચોકડી ખાતે કરવામાં આવ્યું

## જિલ્લા પંચાયત સભ્ય કૃષ્ણરાજ ભૂરીયા તેમજ પૂર્વ તાલુકા પંચાયત ઉપપ્રમુખ અનીતાબેન મછારના હસ્તે શુભારંભ કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ગુજરાત સરકાર દ્વારા બાંધકામ શ્રમિકો માટે જુન ૨૦૧૭ થી શ્રમિક અન્નપૂર્ણા યોજના શરૂ કરવામાં આવેલ હતી. આ યોજનાનો લાભ કરોડો શ્રમિક પરિવાર લઈ રહેલ છે. આ યોજના અંતર્ગત તારીખ ૧૧-૦૩-૨૦૨૪ સોમવારના દિવસે ઠુઠી કંકાસીયા ચોકડી ખાતે દાહોદ જિલ્લા પંચાયત સદસ્ય કૃષ્ણરાજ ભૂરીયા અને પૂર્વ તાલુકા પંચાયત ઉપપ્રમુખ અનિતાબેન મછારના હસ્તે શુભારંભ કરવામાં આવ્યું હતું.

આ યોજના અંતર્ગત શ્રમિકોને ખૂબજ ઓછા દરે પૌષ્ટિક આહાર આપવામાં આવી રહેલ છે. જેમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, ગોળ અને મરચાનો સમાવેશ થાય છે. અઠવાડિયામાં એક દિવસ સુખડીનો મિષ્ટાન્ન પણ શ્રમિકોને પીરસવામાં આવનાર છે. આ યોજનાનો લાભ લેવા માટે શ્રમિકોએ ઈ.નિર્માણ કાર્ડ લઈ વિતરણ સ્થળ પર આવવાનું હોય છે. આ યોજનાનો લાભ લેવા શ્રમિક વર્ગના લોકોએ પોતાનું કાર્ડ આપી સ્કેન કરાવી તોકન રકમ રૂપિયા પાંચ આપી આ સ્કીમનો લાભ લઈ શકે છે. જે વ્યક્તિ પાસે આ કાર્ડ ના હોય તેમણે હંગામી ધોરણે આ સેંટર પર નોંધણી કરાવી ૧૫ દિવસ સુધી ભોજન મેળવી શકે છે. ત્યારબાદ ઈ.નિર્માણ કાર્ડ ઈસ્યુ થયા પછી થી આ સ્કીમનો લાભ મળવા પાત્ર છે. આ કાર્ડ કાઢવા માટે csc, Uxh, e-gram સેંટર, ધનવંતરી આરોગ્ય રથ તેમજ જિલ્લા કચેરી ખાતે થી ફ્રી મા કાઢી આપવામાં આવે છે. આ કાર્ડ કાઢવા થી શ્રમિકોને અન્ય બીજા પણ લાભ મેળવવા પાત્ર બને છે.

આ યોજનાનો લાભ લેવા માટે શ્રમિકોની લાઈન લાગેલ હતી. તેમજ આ યોજનાનો લાભ લઈ પૌષ્ટિક ભોજન મળતા શ્રમિકોના ચહેરા પર અનેરી ખુશી અને આનંદ જોવા મળી રહેલ હતો. તેમજ ધનવંતરી રથ પર શ્રમીક વર્ગમા આવતા પરિવારના લોકો માટે કાર્ડ પર કાઢી આપવામાં આવી રહેલ હતા.

# પેથાપુરના પત્રકાર અને જ્વેલર્સના વેપારીના કાર ઉપર પથ્થરમારો

(પ્રતિનિધી)
। ઝાલોદ, તા.૧૧ ।

ઝાલોદના પેથાપુરના પત્રકાર અને જ્વેલર્સના વેપારી જીજ્ઞેશ પંચાલ શનિવારના રોજ દાહોદથી વાયા પાવડી એસઆરપી ગૃપથી મુંડાહેડા તરફ જતા માર્ગ ઉપર પોતાના ઘરે જય રહ્યા હતા. તે સમયે અજાણ્યા શખ્સ મોટર સાયકલ ઉપર સવાર હતા તે સમયે તેઓએ કાર ઉપર પથ્થર મારીને ભાગી ગયેલ હતા આ ઘટના બનતા જીજ્ઞેશ પંચાલ ત્યાંથી હુમલાની આશંકા લાગતા ત્યાંથી નીકળી ગયેલ અને આ ઘટના બાબતે લીમડી પોલીસ સ્ટેશન ખાતે જાણ કરેલ. આ અગાઉ ૬ ડિસેમ્બર ૨૦૨૩માં જીગ્નેશના ઘર ઉપર તસ્કરો દ્વારા ચોરી ધાડ પાડવાનો બનાવ બાબતે લેખિતમાં ફરિયાદ ચાકલીયા પોલીસ સ્ટેશનમાં જાણ કરેલ. આ ઘટના બનતા પત્રકાર અને વેપારી ઉપર લૂંટ-ફાટ કે જાનથી મારી નાખવાના બદઈરાદા હોઈ શકે જે અંગે આ ઘટના બનતા પેથાપુરના પત્રકાર અને વેપારી ઉપર આ પ્રકારનો બનાવ બાબતે લીમડી પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા શખ્સ વિરુધમાં ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# પેથાપુરના પત્રકાર અને જ્વેલર્સના વેપારીના કાર ઉપર પથ્થરમારો

(પ્રતિનિધી)
। ઝાલોદ, તા.૧૧ ।



ઝાલોદના પેથાપુરના પત્રકાર અને જ્વેલર્સના વેપારી જીજ્ઞેશ પંચાલ શનિવારના રોજ દાહોદથી વાયા પાવડી એસઆરપી ગૃપથી મુંડાહેડા તરફ જતા માર્ગ ઉપર પોતાના ઘરે જય રહ્યા હતા. તે સમયે અજાણ્યા શખ્સ મોટર સાયકલ ઉપર સવાર હતા તે સમયે તેઓએ કાર ઉપર પથ્થર મારીને ભાગી ગયેલ હતા આ ઘટના બનતા જીજ્ઞેશ પંચાલ ત્યાંથી હુમલાની આશં-કા લાગતા ત્યાંથી નીકળી ગયેલ અને આ ઘટના બાબતે લીમડી પોલીસ સ્ટેશન ખાતે જાણ કરેલ. આ અગાઉ ૬ ડિસેમ્બર ૨૦૨૩માં જીગ્નેશના ઘર ઉપર તસ્કરો દ્વારા ચોરી ધાડ પાડવાનો બનાવ બાબતે લેખિતમાં ફરિયાદ ચાકલીયા પોલીસ સ્ટેશનમાં જાણ કરેલ.

આ ઘટના બનતા પત્રકાર અને વેપારી ઉપર લૂંટફાટ કે જાનથી મારી નાખવાના બદઈરાદા હોઈ શકે જે અંગે આ ઘટના બનતા પેથાપુરના પત્રકાર અને વેપારી ઉપર આ પ્રકારનો બનાવ બાબતે લીમડી પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા શખ્સ વિરુધમાં ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# કોસમ ખાતે કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણ સાહેબના વરદ હસ્તે નાઈટ પ્લાસ્ટિક ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ કરાયો



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા



। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૧૧ ।

કપડવંજ તાલુકાના કોસમ ગામે જય અંબે યુવક મંડળ નાઈટ પ્લાસ્ટિક ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રીશ્રી અને ખેડા લોકસભાના જનપ્રિય સાસંદ શ્રી દેવુસિંહ ચૌહાણ સાહેબ તથા કપડવંજના લોકપ્રિય યુવા ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રિય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે યુવાનોને ખેલભાવનાનું મહત્વ સમજાવી યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા યુવાનોને હાકલ કરી પ્રેરક ઉદબોધન કર્યુ હતુ. આ પ્રસંગે કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાએ પ્રાસંગિક ઉદબોધનમાં ખેડા લોકસભા સાત લાખથી વધુની લીડથી જીતવાનો નિર્ધાર વ્યક્ત કરી સૌને સહિયારા પ્રયત્નો થકી મોદી સાહેબના સંકલ્પોમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે યોજાયેલ ક્રિકેટ ઉદઘાટન સમારોહના સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી એમ.ટી. ઝાલાએ કર્યુ હતું.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ ડાભી, જિલ્લા મંત્રી શ્રી ધૂળસિંહ સોલંકી, ખેડા જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી જયેશભાઈ પટેલ, કપડવંજ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ શ્રી ગણપતસિંહ રાઠોડ, કપડવંજ તાલુકા ભાજપ સંગઠન અને તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી મુળરાજસિંહ સોલંકી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખશ્રી પી.ટી. ઝાલા, સહકારી આગેવાન શ્રી નિલેશભાઈ પટેલ, પૂર્વ જિલ્લા ભાજપ મંત્રી શ્રી વિવેકભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચા કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા (આતરસુંબા), કોસમ ગ્રામ પંચાયત સરપંચ શ્રી કિસનસિંહ ઝાલા, શ્રી મહેન્દ્રસિંહ બાપુ, સરપંચ એસોશિયેશન પ્રમુખ શ્રી રૂપસિંહજી, કપડવંજ એપીએમસી પૂર્વ ઉપ પ્રમુખ શ્રી જયદીપસિંહ ઝાલા, પૂર્વ તાલુકા પંચાયત ઉપ પ્રમુખ શ્રી નવનીતસિંહ ચૌહાણ, પૂર્વ તાલુકા પંચાયત સદસ્યશ્રી ડી. કે ચૌહાણ વકીલ, ધોળાકુવા સરપંચ શ્રી રણજીતસિંહ ઝાલા, પુનાદરા સરપંચ શ્રી પી.ડી. ઝાલા, કોસમ ઉપ સરપંચશ્રી મનુસિંહ સોલંકી, તાલુકા મંત્રી શ્રી પ્રવિણસિંહ સોલંકી એડવોકેટ, નિકોલ પૂર્વ સરપંચ શ્રી જયેશભાઈ પરમાર સહિત વિવિધ ગામોના સરપંચશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, આગેવાનો તથા ક્રિકેટ પ્રેમી યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકામા બોર્ડની પરીક્ષા આપતા છાત્રોને પ્રાંત અધિકારી દ્વારા મોઢું મીઠું કરાવી પુષ્પગુચ્છ આપી કસોટી માટે શુભેચ્છા પાઠવી

## પ્રાંત અધિકારીએ બાળકોને નિર્ભય બની પરીક્ષા આપવા પ્રોત્સાહન આપ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

આજરોજ તારીખ ૧૧-૦૩-૨૦૨૪ ના રોજ બોર્ડની પરીક્ષાનો આરંભ થયો હતો. આ પરીક્ષામા બાળકો માટે પ્રથમ દિવસ હોઈ તેમના વાલીઓ પણ આવેલ હતા. ઝાલોદ નગરના કેળવણી મંડળના પ્રાંગણમાં પરીક્ષા આપવા માટે આવનારા વિધાર્થીઓને શુભેચ્છા પાઠવવા તેમજ કેન્દ્રના નિરીક્ષણ માટે પ્રાંત અધિકારી ભાટિયા આવેલ હતા.

પ્રાંત અધિકારી ભાટિયાએ બોર્ડની પરીક્ષા આપવા આવેલ વિધાર્થીઓને પુષ્પગુચ્છ આપી ગોળ થી મોઢું મીઠું કરાવી કેંદ્રના પ્રાંગણમાં પ્રવેશ આપ્યો હતો. સાથે સાથે દરેક વિધાર્થીઓને શાંત ચિત્તે, નિર્ભય પણે પરીક્ષા આપે તેવા સૂચન આપેલ હતા. એચ.એસ.સી ઝોનલ અધિકારી જીગ્નેશભાઈ દ્વારા બોર્ડની તૈયારી વિશે સંપૂર્ણ માહિતી થી પ્રાંત અધિકારીને આપી હતી.

ઝાલોદ તાલુકામા ધોરણ ૧૦ મા પ્રથમ પેપર ગુજરાતી અને અંગ્રેજી વિષયનુ લેવામાં આવેલ હતું. સંપૂર્ણ પરીક્ષા દરમ્યાન કોઈ પણ ચોરીના કેસ બનેલ ન હતા. દરેક વિધાર્થીઓએ સારા વાતાવરણ વચ્ચે પરીક્ષા પૂર્ણ કરેલ હતી. ઝાલોદ ઝોનમા કુલ ૧૦૨૧૦ વિદ્યાર્થી પરીક્ષા આપનાર હતા તેમાંથી કુલ ૯૭૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૪૯૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહેલ હતા.

# ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવતાં રાજયના શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડિંડોર અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસરિયા





। (માહિતી) ગાંધીનગર, તા.૧૧ ।

સમગ્ર રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનો આરંભ થયો છે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર અને શિક્ષણ રાજય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ શેઠ સી.એમ. હાઈસ્કુલ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે બાળકોને કંકુ તિલક કરી, પુષ્પ અને શૈક્ષણિક કિટ આપી શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૫ લાખ ૩૯ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ આપશે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપનારરાજયના સર્વે વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે. તમામ જિલ્લાના કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ દ્વારા સ્થાનિક કક્ષાએ પરીક્ષામાં વિદ્યાર્થીઓને કોઈપણ તકલીફ ન ઉભી થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર રાજયમાં આજે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૧,૬૩૪ કેન્દ્ર ખાતે ૫,૩૭૮ બિલ્ડીંગમાં અને ૫૪, ૨૯૪ બ્લોકમાં યોજાશે. આ પરીક્ષા રાજયના ૧૫, ૩૯,૦૩૯ વિદ્યાર્થીઓ આપશે. રાજ્યના તમામ પરીક્ષા કેન્દ્રના તમામ બ્લોક CCTV થી સજ્જ છે. તમામ જિલ્લામાં જિલ્લા સંકલન સમિતિના વર્ગ ૧ અને ૨ ના અધિકારીની ઓબ્ઝર્વર તરીકે નિમણુક કરવામાં આવી છે. તમામ પરીક્ષા કેન્દ્ર ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સંદર્ભે પોલીસ સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે. આજે પરીક્ષા આપનાર સર્વે વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનઓ પાઠવી રાજય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસરિયાએ જણાવ્યું હતું કે, ધોરણ- ૧૦ની પરીક્ષા ૯૮૧ કેન્દ્ર ખાતે ૩,૧૮૪ બિલ્ડીંગમાં ૩૧,૮૨૯ બ્લોક વપરાયેલ છે, જેમાં ૯,૧૭,૬૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. ધોર ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૧૪૭ કેન્દ્ર ખાતે ૬૧૪ બિલ્ડીંગમાં ૬,૭૧૪ બ્લોક વપરાયેલ છે, જેમાં ૧,૩૨,૦૭૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૫૦૬ કેન્દ્ર ખાતે ૧,૫૮૦ બિલ્ડીંગમાં ૧૫,૭૫૧ બ્લોક વપરાયેલ છે, જેમાં ૪,૮૯,૨૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવેલ છે. બોર્ડ પરીક્ષા સંદર્ભે તણાવમુકિત માટે વિદ્યાર્થીઓ પોતાના પ્રશ્નોનું સમાધાન કરી શકે તે અર્થે હેલ્પ લાઈન શરુ કરવામાં આવી છે.

# લીમડી થી લીમખેડા જતા માર્ગ પર ૧૫,૫૩,૫૦૦ ના વિદેશી દારૂના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડતી દાહોદ એલ.સી.બી પોલીસ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

દાહોદ જિલ્લા એલ.સી.બી પોલીસના પો.ઈ એસ.એમ.ગામેતીને બાતમી મળેલ હતી કે મધ્યપ્રદેશ થી ટાટા કંપનીની એક ટ્રક જેનો નંબર **GJ-09-V-7724** આવી રહેલ છે તે મુજબ એલ.સી.બી પો.ઈ એસ.એમ.ગામેતી દ્વારા પો.સ.ઈ એમ.એલ.ડામોર અને પો.સ.ઈ ડી.આર. બારીયા તેમજ એલ.સી.બી ટીમના સ્ટાફ પેટ્રોલીંગ દરમ્યાન મધ્યપ્રદેશ થી ચાકલીયા થઈ લીમડી થી લીમખેડા જતા રસ્તા પર વોચ કરી રહેલ હતા. બાતમી વાળુ વાહન આવતા તેને રોકી તપાસ કરતા ડ્રાઈવર કેબિનના ઉપરના ભાગે તેમજ શીટના પાછળના ભાગે ચોરખાનું બનાવી તેમાં મુકેલ વિદેશી દારૂનો મુદ્દામાલ સાથે એક આરોપી રમેશ ધૂળા કટારા (ડોક્ટરના મુવાડા, અંબાલી, ગોધરા) ને ઝડપી પાડેલ હતા. દાહોદ એલ.સી.બી પોલીસને પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂની કુલ ૭૫ પેટી જેમાં ૯૦૦ નંગ બોટલ જેની કિંમત ૫૫૩૫૦૦ નો જથ્થો તેમજ વિદેશી દારૂની હેરાફેરીમા વપરાયેલ ટ્રક જેની કિંમત ૧૦,૦૦,૦૦૦ થઈ કુલ ૧૫,૫૩,૫૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડવામાં દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો?

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? હકારાત્મક તથા સહકાર આપનારા મિત્રો સાથે બહાર જાવ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. બૅંકને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે.

## ચેમ્પિયન્સ ટ્રોફી હાઈબ્રિડ મોડેલ પર યોજવી પડે એવો પીસીબીને ડર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી લાંબા સમય બાદ આવતા વર્ષે રમાશે. જો કે તેના આયોજન સ્થળને લઈને અત્યારથી વિવાદ શરૂ થઈ ગયો છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું આયોજન પાકિસ્તાનમાં થવાનું છે. પરંતુ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને ડર છે કે એશિયા કપ ૨૦૨૩ની જેમ આ ટુર્નામેન્ટ પણ હાઈબ્રિડ મોડલ હેઠળ યોજવી પડી શકે છે. આ દરમિયાન પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના નવા અધ્યક્ષ મોહસિન નકવી બીસીસીઆઈના સેક્રેટરી પાસેથી તેમની ટીમને પાકિસ્તાન મોકલવાની ખાતરીની અપેક્ષા રાખી રહ્યા છે. જો કે, હાલમાં આ શક્યતા નથી. આઈસીસીના એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠક આવતા અઠવાડિયે દુબઈમાં યોજાશે. પીસીબી અધ્યક્ષ નકવી બીસીસીઆઈ સેક્રેટરી સાથે આઈસીસીના ટોચના અધિકારીઓ સાથે વાત કરવાની યોજના બનાવી રહ્યા છે. પરંતુ વર્ષ ૨૦૨૫માં ફેબ્રુઆરી-માર્ચમાં યોજાનારી ટુર્નામેન્ટ માટે બીસીસીઆઈ પાકિસ્તાન જવા માટે તરત જ પ્રતિબદ્ધ નહીં થાય, કારણ કે તેમાં હજુ લગભગ એક વર્ષ બાકી છે. ચેમ્પિયન્સ ટ્રોફી એક આઈસીસી ટુર્નામેન્ટ છે અને અન્ય તમામ ક્રિકેટ રમનારા દેશો પાકિસ્તાનની મુલાકાત લેતા હોવાથી, બીસીસીઆઈ તેના દરવાજા સંપૂર્ણપણે બંધ કરશે નહીં, પરંતુ ટુર્નામેન્ટની શરૂઆતના ઓછામાં ઓછા થોડા અઠવાડિયા પહેલા ભારત સરકાર તરફથી ગ્રીન સિગ્નલ મળી જશે. ગયા વર્ષે ઉપયોગમાં લેવાયેલા 'હાઈબ્રિડ મોડલ'નો ઉલ્લેખ કરતા પીસીબીના એક સૂત્રે કહ્યું કે, "પીસીબી માટે સૌથી મોટી ચિંતા એ છે કે શું ભારત તેની ટીમ પાકિસ્તાન મોકલશે અને ગયા વર્ષના એશિયા કપના મુદ્દાઓનું પુનરાવર્તન નહીં થાય.

# રિષભ પંત હવે આઈપીએલ રમવા માટે સંપૂર્ણ રીતે તૈયાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।



દિલ્હી કેપિટલ્સ અને રિષભ પંત માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ૨૨ માર્ચથી શરૂ થઈ રહેલ આગામી આઈપીએલ સીઝન પહેલા રિષભ પંતને નેશનલ ક્રિકેટ એકેડમી તરફથી ફિટનેસ સર્ટિફિકેટ મળી ગયું છે. દ્રઝછ તરફથી ફિટનેસ સર્ટિફિકેટ મળવાનો અર્થ છે કે પંત આઈપીએલ રમવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. નોંધનીય છે કે પંત ડિસેમ્બર ૨૦૨૨માં થયેલા કાર અકસ્માત બાદ ક્રિકેટ રમ્યો નથી. પરંતુ હવે ફેન્સ માટે આ સારા સમાચાર સામે આવ્યા છે. પંત જલ્દી એક્શનમાં જોવા મળી શકે છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે પાછલા વર્ષે એપ્રિલ મહિનાથી દ્રઝછ માં રિહેબ પ્રક્રિયામાંથી પસાર થઈ રહેલા પંતને નેશનલ ક્રિકેટ એકેડમીએ ફિટનેસ સર્ટિફિકેટ આપી દીધું છે. રિપોર્ટ્સમાં તે પણ સામે આવ્યું છે કે તેણે બે-ત્રણ દિવસ પહેલા નેશનલ ક્રિકેટ એકેડમી છોડી દીધી છે. હવે તે જલ્દી દિલ્હી કેપિટલ્સના કેમ્પમાં જોડાવાનો છે. પરંતુ આગામી આઈપીએલમાં રમવાને લઈને પંતની ફ્રેન્ચાઈઝીએ હજુ પુષ્ટિ કરી નથી.

રિષભ પંતે તાજેતરમાં પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં તે બેટિંગ અને કીપિંગનો અભ્યાસ કરતો જોવા મળી રહ્યો હતો. આ પહેલા તેણે પોતાની ફિટનેસને લઈને સતત ફેન્સને અપડેટ આપ્યું હતું. તે પોતાની રિકવરી પર ધ્યાન આપી રહ્યો હતો. ફેન્સ પણ પંત મેદાનમાં વાપસી કરે તેની રાહ જોઈ રહ્યાં છે. આઈપીએલ ૨૦૨૪ના મિની ઓક્શનમાં પંત ફ્રેન્ચાઈઝી સાથે જોવા મળ્યો હતો. આઈપીએલ ૨૦૨૪માં દિલ્હી કેપિટલ્સની ટીમ ૨૩ માર્ચે પોતાના અભિયાનની શરૂઆત કરશે. સીઝનની ઓપનિંગ મેચમાં દિલ્હીનો સામનો પંજાબ કિંગ્સ સામે થશે. ત્યાકબાદ બીજી મેચ ૨૮ માર્ચે રાજસ્થાન રોયલ્સ સામે દિલ્હીની ટીમ જયપુરમાં રમશે. ત્રીજી મેચ દિલ્હી કેપિટલ્સ ચેન્નઈ સુપર કિંગ્સ સામે વાઈઝેગમાં રમશે. તો ચોથી મેચમાં દિલ્હી ૩ એપ્રિલે કોલકત્તા સામે ઉતરશે. દિલ્હીએ મુંબઈ ઈન્ડિયન્સ સામે પાંચમી મેચ રમવાની છે.

### આઈપીએલના વર્ષમાં બે વખત આયોજનની યોજના

## વર્ષમાં બે આઈપીએલ માટે ટી૧૦ ફોર્મેટ અંગે વિચારણા

### ભારતીય ક્રિકેટ બોર્ડ માટે એક વર્ષમાં બે આઈપીએલ માટે વિન્ડો શોધવી આસાન નહીં હોય છતાં વિકલ્પની તલાશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

આઈપીએલ દુનિયાની સૌથી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાંની એક છે. આઈપીએલના ચાહકો માત્ર ભારતમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં છે. હવે આઈપીએલને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મીડિયા અહેવાલો મુજબ બીસીસીઆઈ એક વર્ષમાં બે વખત આ લીગનું આયોજન કરવાની યોજના બનાવી રહી છે. આઈપીએલની ૧૭મી સિઝન ૨૨ માર્ચથી શરુ થવા જઈ રહી છે. આઈપીએલ ૨૦૨૪ની ઓપનિંગ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાનાર છે. અગાઉ ભારતીય ટીમના પૂર્વ કોચ રવિ શાસ્ત્રી પણ એક વર્ષમાં બે આઈપીએલની વાત કહી ચૂક્યા છે. એક વર્ષમાં બે આઈપીએલની વાત કરનાર રવિ શાસ્ત્રી પ્રથમ હતા એમ કહેવું ખોટું નહીં હોય. તેમણે કહ્યું હતું કે આ લીગની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને ટૂંક સમયમાં એક વર્ષમાં બે આઈપીએલનું આયોજન કરવામાં આવી શકે છે.

બીસીસીઆઈ માટે સૌથી મોટો પડકાર યોગ્ય વિન્ડો શોધવાનો છે. એક વર્ષમાં બે આઈપીએલ ત્યારે જ શક્ય બનશે જો વર્ષમાં કોઈ આઈસીસી ઈવેન્ટ ન હોય અથવા તો ઘણી દ્વિપક્ષીય સીરિઝનું આયોજન ન થાય. આઈપીએલ ચેરમેન અરુણ ધૂમલે આ ચેલેન્જ સ્વીકારી હતી. જો કે તેમણે વિકલ્પો શોધવાની પણ વાત કરી હતી.

### ૨૨ માર્ચથી આઈપીએલ-૧૭ શરૂ થશે

## રોહિત આગામી સિઝનમાં ચેન્નાઈનું નેતૃત્વ કરી શકે છે

### ધોની પછી સીએસકેની કેપ્ટનશિપ માટે શ્રેષ્ઠ ઉમ્મેદવાર છે, રોહિત આગામી ૫-૬ વર્ષ સુધી આરામથી આઈપીએલરમી શકે : રાયડુ

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।



આઈપીએલની ૧૭મી સિઝન ૨૨ માર્ચથી શરૂ થઈ રહી છે. ટુર્નામેન્ટના સૌથી સફળ કેપ્ટનમાંથી એક રોહિત શર્મા આ વખતે મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટનના રૂપમાં નહીં, પરંતુ એક ખેલાડીના રૂપમાં મેદાનમાં ઉતરશે. તેના સ્થાને ફ્રેન્ચાઈઝીએ હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો છે.

એવી અટકળો ચાલી રહી હતી કે રોહિત મુંબઈ સાથેના સંબંધો તોડીને કોઈ અન્ય ટીમ માટે રમશે, પરંતુ હજુ સુધી એવું બન્યું નથી. આ દરમિયાન ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ ખેલાડી અંબાતી રાયડુએ રોહિતને લઈને મોટું નિવેદન આપ્યું છે. અંબાતી રાયડુએ કહ્યું હતું કે, "રોહિતને આવતા વર્ષે ચેન્નઈ સુપર કિંગ્સ માટે રમતો જોવા માંગુ છું. તે ધોની પછી સીએસકેની કેપ્ટનશિપ માટે શ્રેષ્ઠ ઉમ્મેદવાર છે. રોહિત આગામી ૫-૬ વર્ષ સુધી આરામથી આઈપીએલરમી શકે છે." રાયડુનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. કેટલાક ચાહકોએ રાયડુનું સમર્થન કર્યું તો કેટલાકે તેની ટીકા કરી છે. રાયડુએ વધુમાં કહ્યું, "હું નજીકના ભવિષ્યમાં રોહિતને સીએસકેમાટે રમતા જોવા ઈચ્છું છું. તે લાંબા સમયથી મુંબઈ ઈન્ડિયન્સ માટે રમ્યો છે. તે સારું રહેશે જો તે સીએસકેમાટે રમી શકે અને ત્યાં પણ જીતી શકે. સીએસકેનું નેતૃત્વ કરવું તે રોહિત પર નિર્ભર કરે છે. રોહિતને આ અંગે નિર્ણય લેવાનો અધિકાર છે. તે કેપ્ટન બનવા માંગે છે કે નહીં તે તેનો નિર્ણય છે." આઈપીએલ ૨૦૨૪માં ધોની કેવી રીતે રમે છે તે જોવું રસપ્રદ રહેશે. આ તેની ટુર્નામેન્ટમાં તેની છેલ્લી સિઝન હોઈ શકે છે. લાંબા સમયથી ચાલી રહેલી ઘૂંટણની ઈજામાંથી સાજા થયા બાદ ધોની નવી સિઝનમાં સીએસકેની કેપ્ટનશિપ માટે સખત મહેનત કરી રહ્યો છે.

### આઈપીએલના ઈતિહાસમાં પહેલી સદી બ્રેન્ડન મેક્કુલમે ૧૬ વર્ષ પહેલા ૨૦૦૮માં ફટકારી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

આઈપીએલ ૨૦૨૪ની શરુઆત ૨૨ માર્ચથી શરુ થશે. પહેલી મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાશે. આઈપીએલના પહેલા ફેઝનું શેડ્યુલ પણ જાહેર થઈ ચૂક્યું છે. બાકી રહેલા શેડ્યુલની જાહેરાત ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ આવશે. આઈપીએલ માટે સૌ કોઈ ઉત્સાહિત છે. આઈપીએલ દુનિયાની સૌથી વધુ જોવાનારી ક્રિકેટ લીગ છે. આ લીગ રમીને અનેક સ્ટાર ક્રિકેટરે પોતાનું કરિયર બનાવ્યું છે. આઈપીએલના ઈતિહાસમાં પહેલી સદી બ્રેન્ડન મેક્કુલમે ૧૬ વર્ષ પહેલા ૨૦૦૮માં ફટકારી હતી. ત્યારે તેમણે કોલકત્તા નાઈટ રાઈડર્સ તરફથી રમતા આરસીબી વિરુદ્ધ ૭૩ બોલમાં જ ૧૫૮ રન બનાવ્યા હતા. જેમાં ૧૦ ચોગ્ગા અને ૧૩ સિક્સ સામેલ હતી. તેના કારણે કેકેઆરની ટીમ મેચ જીતવામાં સફળ રહી હતી.

# હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપમાં મુંબઈની ટીમ ચેમ્પિયન બનવા માટે પોતાની દાવેદારી નોંધાવશે

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।



ઈન્ડિયન પ્રીમિયર લીગની સૌથી સફર ટીમોમાંથી એક મુંબઈ ઈન્ડિયન્સ પહેલી વખત આઈપીએલ ૨૦૨૪માં હાર્દિક પંડ્યાની કેપ્ટ-નશીપમાં રમવા મેદાનમાં ઉતરશે. આઈપીએલ ૨૦૨૪ની હરાજી પહેલા હાર્દિક પંડ્યાને મુંબઈ ફ્રેન્ચાઈઝીએ પોતાની ટીમમાં સામેલ કરી હતી. ત્યારબાદ રોહિત શર્માને દુર કરી હાર્દિક પંડ્યાને ટીમની કેપ્ટનશીપ આપવામાં આવી છે. મુંબઈની ટીમે રોહિતની કેપ્ટનશીપમાં ૫ વખત આઈપીએલ ટાઈટલ જીત્યા છે. હવે હાર્દિક પંડ્યા પર ટીમને આગળ લઈ જવાની જવાબદારી હશે. રોહિતની કેપ્ટનશીપમાં આઈપીએલ ૨૦૨૪માં મુંબઈની ટીમ પ્લેઓફ સુધી પહોંચી હતી પરંતુ ફાઈનલ સુધી પહોંચી શકી નહિ.

મુંબઈને છઠ્ઠી વખત ચેમ્પિયન બનવવાની જવાબદારી હાર્દિક પંડ્યા પર હશે. જેમણે પોતાની કેપ્ટશશીપમાં જ પહેલી વખત ગુજરાત ટાઈટન્સને વિજેતા બનાવી હતી પરંતુ તેના માટે ટીમની પ્લેઈંગ ૧૧ ખુબ ખાસ હશે. આઈપીએલ ૨૦૨૪માં ટીમ માટે ઈનિંગ્સની શરુઆત ફરી એક વખત રોહિત શર્મા અને ઈશાન કિશાન કરતા જોવા મળી શકે છે. ગત્ત સીઝનમાં આ ટીમે ત્રીજા નંબર પર કેમરુન ગ્રીનને મોકલ્યો હતો. હવે સુર્યકુમાર યાદવ પણ ત્રીજા ક્રમે જોવા મળી શકે છે. ચોથા ક્રમે તિલક વર્મા, પાંચમા ક્રમે ટીમ ડેવિડ પણ જોવા મળી શકે છે. જ્યારે કેપ્ટન હાર્દિક પંડ્યા છઠ્ઠા ક્રમે બેટિંગ કરતા જોવા મળી શકે છે. સ્પિનરમાં પ્લેઈંગ ઈલેવનમાં અનુભવી પીષુય ચાવલા જોવા મળી શકે છે. જ્યારે શ્રેયસ પણ તેનો સાથ આપી શકે છે. ફાસ્ટ બોલિંગની કમાન જસપ્રીત બુમરાહ સિવાય ગેરાલ્ડ કોએત્ઝી પણ હશે. રોમારિયો શેફર્ડ ફાસ્ટ બોલિંગ કરતો જોવા મળશે.

### આરસીબી સામે દિલ્હી કેપિટલ્સનો એક રને વિજય

## આરસીબીને વિજય ન અપાવી શકનારી રિચા ઘોષ મેદાનમાં જ ભાંગી પડી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।



ડબલ્યુપીએલ ૨૦૨૪માં ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ હતી. મેગ લેનિંગની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સે મેચ ૧ રનથી જીતી લીધી હતી, જ્યારે બેંગ્લોરને છેલ્લા બોલ પર ૨ રનની જરૂર હતી. આરસીબી માટે શાનદાર ઈનિંગ રમી રહેલી રિચા ઘોષ છેલ્લા બોલ પર રનઆઉટ થઈ હતી, જેના પછી તે પોતાની ભાવનાઓ પર કાબૂ રાખી શકી ન હતી અને મેદાન પર જ તેની આંખોમાં આંસુ આવી ગયા હતા. રિચાને આ હાલતમાં જોઈને દિલ્હી કેપિટલ્સના ખેલાડીઓને પણ દુઃખ થયું હતું.

આરસીબીની વિકેટકીપર બેટર રિચા ઘોષનો ઈમોશનલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે રનઆઉટ થયા બાદ રિચા ઘોષ મેદાન પર બેઠી ગઈ અને તેની આંખોમાં આંસુ આવી ગયા હતા. આ પછી દિલ્હી કેપિટલ્સના ખેલાડીઓ આવ્યા અને રિચાને ઉઠાવી રહ્યા છે અને તેને પ્રોત્સાહિત કરે છે. ત્યારબાદ આરસીબીના ખેલાડીઓ ઝડપથી દોડી આવ્યા અને રિચાને પ્રોત્સાહિત કરી અને તેને મેદાનની બહાર લઈ ગયા હતા.

આ દરમિયાન બીજા છેડે ઉભી શ્રેયંકા પાટીલની આંખો પણ આંસુથી ભીની થઈ ગઈ હતી. ૧૮૨ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી રિચાએ ૨૯ બોલમાં ૪ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૫૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી.

## વિશેષ

### ૪૬૧ લાખના ખર્ચે એસટી ડેપો-વર્કશોપનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું

# એસટીની સુવિધાનો લોકો મહત્તમ ઉપયોગ કરે તેવી અપીલ : સાંસદ ગીતાબેન







। (માહિતી) છોટાઉદેપુર ।

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ લિ. દ્વારા વડોદરા એસટી ડિવિઝન પોલીસના બોડેલી ડેપો વર્કશોપ ના નવા બાંધનાર બિલ્ડિંગનો ખાત મુહર્ત સમારોહ આજે સાંસદ શ્રી ગીતાબેન રાઠવાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર તરફથી નિગમને નવિન ડેપો વર્કશોપના બાંધકામ માટે ફાળવેલ સહાય થકી વડોદરા એસટી વિભાગના બોડેલી મુકામે જૂના અને જર્જરિત બિલ્ડિંગને ડીમોલિશન કરી આરસીસી ફ્રેમ સ્ટ્રકચર વાળા નવિન ડેપો વકશોપમાં અદ્યતન સુવિધાઓ પૂરી પાડવામાં આવનાર છે. કુલ ૨૪ હજાર ચો.મી. વિસ્તારમાં નિર્માણ થનારા આ ડેપોમાં ૪૬૧ લાખ જેટલી માતબર રકમ ખર્ચવામાં આવનારી છે. ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ પ્રથમ માળ માં ૧ હજાર ૩૧ ચો.મી બિલ્ટ અપ એરિયા તેમજ ૧ હજાર ચો.મી. વિસ્તારમાં સીસી ટ્રી - મિક્ષ ફ્લોરીંગ નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત મેનેજર ઓફિસ, વહીવટી ઓફિસ, સ્ટોર, ટાયર રૂમ, બેટરી રૂમ, ઈલેક્ટ્રિક રૂમ, વોટર રૂમ, સર્વિસ પિટ એરિયા, યુ શેપ પિટ એરિયા જેવી અલાયદી સુવિધાઓ ગ્રાઉન્ડ ફ્લોર પર ઉપલબ્ધ કરવામાં આવશે અને પ્રથમ માળે લેડીઝ રૂમ, કેશ અને બુકિંગ રૂમ, રેકોર્ડ સ્ટોરેજ, ટ્રે રૂમ, વર્કસ રૂમ વિથ યુટિલિટી જેવી સુવિધાઓ બનાવવામાં આવનારી છે.

ગુજરાત એસ. ટી નિગમ હંમેશા ઉત્તમ પબ્લિક ટ્રાન્સપોર્ટેશન માટે મુસાફરોને કેન્દ્રમાં રાખી નિગમ દ્વારા પ્રજાલક્ષી, મુસાફરોની જરૂરિયાત અને સુખાકારી વધારવા, સલામત, સ્વરછ, વિશ્વસનીય, પરવડે તેવી કાર્યક્ષમ પરિવહન સેવા પૂરી પાડવા માટેના ઉદ્દેશથી સંચાલિત થઈ રહી છે. આવી સેવાને બોડેલી ડેપો અને છોટાઉદેપુર જિલ્લામાં અવિરત અને અડચણ રહિત પૂરી પાડવા માટે ડેપો-વર્કશોપનું ખાતમુહર્ત કરવામાં આવ્યું.

ગીતાબેન રાઠવાએ જણાવ્યું હતું કે વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્શભાઈ સંઘવીએ તાજેતરમાં કવાંટ એસટી ડેપોની લોકાર્પણ કરેલ. ત્યારે આપણને આપણા ડેપોને ૧૨ નવી બસો ફાળવવાનું વચન આપેલ હતું. જે ખૂબ ટૂંકા ગાળામાં પરિપૂર્ણ થયેલ છે સરકારી બસોમાં બેસીને તેની સુવિધાઓનો લાભ લોકો વધારે ને વધારે લે તેવી સૌને અરજ છે. જેતપુરમાં એસટી ડેપો મંજૂર થઈ જાય તો આપણાં તમામ છ તાલુકામાં ડેપોની સુવિધાઓ થઈ જાય. આજે રોડ રસ્તાઓ અને બસોની સુવિધા લોકોને ખૂબ ઝડપથી પોતાની મંજિલ પર પહોચાડે છે. તેમ છતાં આપણાં જિલ્લામાં કોઈ પણ જગ્યાએ કોઈ સુવિધાઓનો અભાવ હોય વિધાર્થિનીઓને આપડાઉન માં મુશ્કેલી હોય તો અમને રજૂઆત કરો અમે એસટી નિગમના વહિવટી અધિકારીઓને કહીને સુવિધા કરાવીશું. કાર્યક્રમના અધ્યક્ષ સાંસદ શ્રી ગીતાબેન રાઠવા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મલકબેન પટેલ, ધારાસભ્યો શ્રી અભેસિંહભાઈ તડવી, રાજેન્દ્રસિંહ રાઠવા, જયંતીભાઈ રાઠવા, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી શીતલબેન મહરાઉલ, બોડેલી મામલતદારશ્રી, પક્ષ પ્રમુખ શ્રી ઉપેન્દ્રભાઈ, વિભાગીય નિયામક શ્રી વીએચ શર્મા, બોડેલી, સંખેડા અને છોટાદેપુર માં ડેપો મેનેજેશ્રીઓ, એસટી વિભાગના અન્ય અધિકારીઓ કર્મચારીઓ, ડ્રાઈવર, કન્ડક્ટર અને મુસાફરો હજાર રહ્યા હતા.

આ ખાતમુહર્તની સાથે બોડેલી - માંડવી સ્લીપર બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવી હતી.





# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાબરમતી આશ્રમ ખાતે 'આશ્રમ ભૂમિ વંદના' કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરી

| (માહિતી) અમદાવાદ, તા.૧૧ |

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી મંગળવારે, ૧૨ માર્ચ ૨૦૨૪ના રોજ દાંડીકૂચ દિવસ નિમિત્તે અમદાવાદમાં સાબરમતીઆશ્રમખાતે 'આશ્રમભૂમિવંદના' કાર્યક્રમમાં 'મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ'નો શુભારંભ કરાવવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સાબરમતી આશ્રમની મુલાકાત લઈને 'આશ્રમ ભૂમિ વંદના' કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે 'આશ્રમ ભૂમિ વંદના' કાર્યક્રમ અંતર્ગત યોજાનાર મુખ્ય કાર્યક્રમની વિગતો મેળવી હતી તથા સાબરમતી આશ્રમ ખાતે વડાપ્રધાનશ્રીની મુલાકાતનાં સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું. સાથે જ, મુખ્યમંત્રીશ્રીએ કાર્યક્રમની રૂપરેખા સહિત સહિત અન્ય મુદ્દાઓ અંગે ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુખ્યમંત્રીશ્રીની સાબરમતી આશ્રમ ખાતેની મુલાકાત દરમિયાન રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય, અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક, અમ્યુકોના કમિશનર શ્રી એમ. થેન્નારસન, જિલ્લાકલેક્ટરસુશ્રીપ્રવીણાડી.કે., આશ્રમના ટ્રસ્ટીગણ સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સગર્ભા મહિલાઓને ૧૫૦૦૦ ની સહાય જાહેર કરવામાં આવી

| (એજન્સી) અમદાવાદ, તા.૧૧ |

ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સગર્ભા મહિલાઓની મોતનો આંકડો વધી રહ્યો છે. યોગ્ય સમયે સારવારના અભાવે તો ક્યારેક આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે પ્રોપર સારવાર ન મળવાને કારણે સગર્ભા મહિલાઓ સામે મોતનું જોખમ તોળાઈ રહ્યું છે. આ સ્થિતિમાં સુધારો લાવવા માટે ગુજરાત સરકાર દ્વારા લાવામાં આવ્યો મહત્ત્વનો નિર્ણય. રાજ્યમાં દર વર્ષે ૧ લાખ ડિલિવરીએ ૫૭ માતાઓના મૃત્યુની ઘટના બને છે. જેમાંથી મોટાભાગના કિસ્સાઓમાં હાઈરિસ્ક માતાઓના ડિલિવરી દરમિયાન મૃત્યુની ઘટના હોય છે. ગુજરાતમાં દર વર્ષે ૭૦૦ જેટલી સગર્ભાઓના ડિલિવરી દરમિયાન થતા મૃત્યુના કિસ્સાઓ અટકાવવા સરકારે આ પ્રયાસ કર્યો છે. હાઈરિસ્ક સગર્ભા મહિલાઓને એવી હોસ્પિટલમાં દાખલ કરાશે કે જ્યાં કાર્ડિયાક સેન્ટર હોય, કિડની સેન્ટર હોય, બ્લડ બેંક હોય, સ્પેશિયલ ન્યૂ બોર્ન બેબી કેર સેન્ટર હોય તેવી સ્પેશિયાલિટી ધરાવતી હોસ્પિટલમાં દાખલ કરવા આયોજન કરાયું છે. ગુજરાતમાં દર વર્ષે ૭૦૦ જેટલી સગર્ભા માતાઓના ડિલિવરી દરમિયાન મૃત્યુની ઘટના બને છે ત્યારે આ પ્રકારની ઘટના અટકાવવા પ્રયત્નશીલ રાજ્ય સરકાર દ્વારા આગામી ૧લી એપ્રિલથી નવતર યોજના અમલમાં મુકવામાં આવી રહી છે. હાઈરિસ્ક સગર્ભા માતાને ડિલિવરીના સાત દિવસ પહેલાં અને ડિલિવરીના સાત દિવસ બાદ તમામ પ્રકારની સ્પેશિયાલિટી ધરાવતી હોસ્પિટલમાં દાખલ કરાશે.




સોમવારથી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થઈ હતી. જેમાં પરીક્ષાર્થીઓને સ્કુલના સ્ટાફ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### કાંકરેજ તાલુકા મુખ્ય શિક્ષક સંઘ દ્વારા

## એચ. ટાટ બદલી નિયમો સત્વરે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી માંગ સાથે લેખીત મૌખિક રજુઆત

| (પ્રતિનિધી) થરા, તા.૧૧ |

ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં એચ. ટાટ આચાર્યની નિમણુક બાદ હજુ સુધી બદલી નિયમો જાહેર નહી કરતાં રાજ્યના મુખ્ય શિક્ષક સંઘ એચ. ટાટ દ્વારા દરેક તાલુકાના સ્થાનીક આગેવાનોને આ બાબતે લેખીત મૌખિક રજૂઆતો કરી તેમના દ્વારા રાજ્ય સરકારમાં નક્કર રજૂઆત થાય ટી માટે પાટણ સાંસદ ભરતસિંહ ડાભી, રાજ્ય સભાના સભ્ય બાબુભાઈ દેસાઈ તથા જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તિસિંહ વાઘેલાને એચ.



ટાટના બદલી નિયમો સત્વરે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તે માટે કાંકરેજ તાલુકા મુખ્ય શિક્ષક સંઘ એચ. ટાટ દ્વારા મૌખિક તેમજ લેખિત રજૂઆત કરવામાં આવેલ. સાંસદ, રાજ્ય સભાના સભ્ય, જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા સત્વરે સરકારમાં રજૂઆત કરવા ખાતરી આપેલ છે.

### ગુજરાતમાં ફરીથી વાદળો મંડરાશે

## ગુજરાતના વાતાવરણમાં ફરી પલટો આવે તેવી વકી

| (એજન્સી) અમદાવાદ, તા.૧૧ |

ગુજરાતમાં હવે ફરી ગરમીના દિવસો આવી ગયા છે. માર્ચ મહિનામાં જ ગરમીનો પારો ઉંચકાય તેવી ભયાનક આગાહી છે. રવિવારે અમદાવાદ સહિત ૧૨ શહેરમાં સરેરાશ મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીને પાર નોંધાયું હતુ. તો રાજકોટમાં ૩૬.૫ સાથે સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. ત્યારે હવે માર્ચ મહિનામાં જ ૪૦ ડિગ્રીને પાર તાપમાન જઈ શકે છે. આ વચ્ચે જ ગુજરાતમાં વાતાવરણ પલટાશે. ગુજરાતમાં ફરીથી વાદળો મંડરાશે. ઉત્તર ભારત પરથી પસાર થનારા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાત, પંજાબ, રાજસ્થાન સહિતના રાજ્યમાં થઈ શકે છે. જેના કારણે ગુજરાતના હવામાનાં ફેરફાર જોવા મળશે. કચ્છ અને ઉત્તર ગુજરાતના ભાગોમાં ઝાકળવર્ષા તેમજ હળવો વરસાદ થઈ શકે છે. સાથો સાથ પવન પણ ફૂકાંશે/ અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, તારીખ ૧૮થી ૨૧ માર્ચ દરમિયાન વધુ એક પશ્ચિમ સિસ્ટમ શરૂ થશે. જેની અસર ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમાં અસર જોવા મળી શકે છે. માર્ચ મહિનામાં બંગાળના ઉપસાગર અને અરબી સમુદ્રમાં હલચલ પણ જોવા મળી શકે છે. તેમણે આગાહી કરતા કહ્યું કે, ૧૫ તારીખ સુધીમાં પશ્ચિમ સિસ્ટમની અસર દેશના ઉત્તરના પર્વતિય પ્રદેશો થશે.

અંબાલાલ પટેલે કહ્યું કે, દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન તેમજ ગુજરાતના ભાગોમાં અસર થઈ શકે છે. ગુજરાતના કચ્છ અને ઉત્તર ગુજરાતના ભાગોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર થશે. વધુમાં કહ્યું કે, આગામી સમયમાં તાપમાનમાં પણ થોડો ફેરફાર થઈ શકે છે. અંબાલાલ પટેલે આગાહી કરતા કહ્યું કે, ૧૦ તારીખથી જ પશ્ચિમ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર થવાની આગાહી કરી છે.

## સેલવાસમાં વિદ્યાર્થીઓ દ્વારા ભૂખ હડતાલ, પોલીસનો બંદોબસ્ત

| (એજન્સી) વાપી, તા.૧૧ |

દાદરા નગર હવેલીના વિદ્યાર્થીઓને છેલ્લા પાંચ વર્ષથી સ્કોલરશીપ નહી અપાતા આજે સોમવારે ડીએનએચ વિદ્યાર્થી મોરચા દ્વારા અપાયેલા ભુખ હડતાલના આંદોલનમાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. કલેક્ટર કચેરી બહાર વિદ્યાર્થીઓ વિવિધ બેનર સાથે હડતાલ પર બેઠા હતા. દાદરા નગર હવેલી પ્રસાશન દ્વારા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ નહી અપાતા ગરીબ અને આદિવાસી વિદ્યાર્થીઓ ધણા સમયથી પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ મામલે રજૂઆત કરવા છતાં હકારાત્મક પરિણામ આવ્યું ન હતુ. થોડા સમય અગાઉ ડીએનએચ વિદ્યાર્થી મોરચા આ મામલે કલેકટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી કોઈ ઉકેલ નહી આવે તો આંદોલનની ચિમકી પણ આપી હતી.

## પાનેજ ગામના યુવકની આત્મહત્યા મામલે પરિવારજનોનો હોબાળો

| (એજન્સી) પાનેજ, તા.૧૧ |

પાનેજ ગામનો ૧૮ વર્ષીય યુવક છેલ્લા ત્રણ દિવસથી લાપતા હતો, પરિવારજનો છેલ્લા ત્રણ દિવસથી તેની શોધખોળ કરી રહ્યા હતા.આખરે હાલોલ નજીક કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો છે.

જે પછી મૃતકના પરિવારજનો મૃતદેહ લઈને પોલીસ મથકે પહોંચ્યા હતા અને હોબાળો કર્યો હતો. છોટાઉદેપુર જિલ્લાના પાનેજ ગામના યુવકની આત્મહત્યા કરવા મામલે પરિવારજનોએ અનેક આક્ષેપ કર્યા છે. યુવક જે સ્થળે નોકરી કરતો હતો, ત્યાંના માલિકે નુકસાનીની ભરપાઈ માટે દબાણ કરતા યુવક તણાવમાં હોવાનો આરોપ પરિવારે લગાવ્યો છે. સાથે જ પોલીસ ફરિયાદ નોંધી ન્યાય આપવાની માગ કરી રહ્યા છે. પાનેજ ગામનો ૧૮ વર્ષીય યુવક છેલ્લા ત્રણ દિવસથી લાપતા હતો, પરિવારજનો છેલ્લા ત્રણ દિવસથી તેની શોધખોળ કરી રહ્યા હતા. આખરે હાલોલ નજીક કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. જે પછી મૃતકના પરિવારજનો મૃતદેહ લઈને પોલીસ મથકે પહોંચ્યા હતા અને હોબાળો કર્યો હતો. પોલીસને જાણ કરાઈ હોવા છતા યુવકની શોધખોળ ન કર્યાનો પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે. પરિવારજનોએ યુવક જ્યાં નોકરી કરતો હતો ત્યાંના માલિક પર આક્ષેપ લગાવ્યો છે કે યુવક નોકરી કરતો હતો.

## બોર્ડની પરીક્ષા આપવા નીકળેલા વિદ્યાર્થીને અકસ્માત નડ્યો

| (એજન્સી) સુરત, તા.૧૧ |

આજથી રાજ્યભરમાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓએ પહેલુ પેપર આપ્યુ હતું. ત્યારે આ વચ્ચે સુરતના એક વિદ્યાર્થીને બોર્ડની પરીક્ષા આપવા જતા સમયે રસ્તામાં જ અકસ્માત થયો હતો. તેનો હાથ ભાંગી જતા તેને રાઈટરની મદદથી પહેલુ પેપર આપવું પડ્યુ હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતમાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપવા નીકળેલા અનિલ પ્રજાપતિ નામના વિદ્યાર્થીનો રસ્તામાં જ અકસ્માત થયો હતો. અનિલને જે હાથે પરીક્ષા લખવાનો હતો એ જ હાથ ભાંગી ગયો હતો. જેથી તેને રાઈટરના મદદથી વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષાનું પ્રથમ પેપર આપ્યું હતું. અકસ્માતમાં હાથ ભાંગી ગયો હોવા છતાં વિદ્યાર્થીએ હિંમત ન ગુમાવી. વિદ્યાર્થીએ પહેલું પેપર રાઈટર દ્વારા આપ્યું છે.

## સુરતના બિલ્ડરને ભાગીદારે ૪ કરોડનો ચૂનો ચોપડ્યો

| (એજન્સી) સુરત, તા.૧૧ |

કતારગામના બિલ્ડરને ધંધામાં ભાગીદાર એવા મામાના દિકરાએ ચાર કરોડનો ચૂનો ચોપડ્યો હોવાનો મામલો સામે આવ્યો છે.લાખાણી પિતા-પૂત્રોએ જમીન પચાવી, પેઢીના કરોડો રૂપિયા વ્યક્તિગત ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ઈકો સેલમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે.

કતારગામ ગજેરા સર્કલ વિસ્તારમાં રહેતા બિલ્ડરે તેના ભાગીદાર એવા સગા મામાના દિકરા અને તેના બે પુત્ર સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. કતારગામ ખાતે મુકેલ પ્રોજેક્ટ પૈકી એક આખી બિલ્ડિંગની જગ્યા પચાવી પાડવા માટે ભાગીદારી પેઢીમાં થયેલા કરારમાં છેડછાડ કરી પોતાના નામે કરી લીધો હોવાનો આક્ષેપ કરાયો છે. આ ઉપરાંત પેઢીમાંથી રૂપિયા ૪.૦૪ કરોડ પોતાના તેમજ પરિવારના ખાતામાંટ્રાન્સફર કરી પોતાના અંગત કામોમાં વાપરી નાખ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા મુજબ કતારગામ ગજેરા સર્કલ મીનાક્ષી વાડી ખોડીયાર મંદિર પાસે ખોડીયાર પાર્ક રો-હાઉસમાં રહેતા મગનભાઈ વેલજીભાઈ દેસાઈએ તેના સગા મામાના દિકરા લાભુ ઘરમશી લખાણી, તેના દીકરા વિરેન્દ્ર અને મેહુલ સામે ફરિયાદ નોંધાવી હતી.







## હિંમતનગરમાંથી પાકિસ્તાન સુપર લીગ પર રમાતો સટ્ટો ઝડપાયો

| (એજન્સી) હિંમતનગર, તા.૧૧ |

એક તરફ ભારત અને પાકિસ્તાનની મેચ હોય ત્યારે તેનો રોમાંચ પરાકાષ્ઠાએ હોય છે. વિશ્વકપમાં બંને દેશોની ટક્કર થવાને લઈ ટિકિટના ભાવ આસમાને હોય છે. ભારતમાં પણ માહોલ જબરદસ્ત છવાઈ જતો હોય છે. આ દરમિયાન પાકિસ્તાનમાં રમાતી ઘરેલૂ ક્રિકેટ ટૂર્નામેન્ટ પર ભારતમાં સટ્ટો રમાતો ઝડપાયો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચને આ અંગેની બાતમી મળવાને લઈ PI એજી રાઠોડ અને PSI ડીસી પરમારની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે બે યુવકોને ઝડપી લઈને ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે. બંને શખ્શો PSL ની મેચ પર ક્રિકેટનો સટ્ટો રમાડતા હતા. પોલીસ દ્વારા તેમના દ્વારા અન્ય બુકી કે પાકિસ્તાની સટ્ટોડીયાઓ સાથે સંપર્ક હોવા અંગેની દીશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી શકે છે. આમ પાકિસ્તાન સાથે તાર જોડાયેલા છે કે, કેમ એ દિશામાં તપાસ થઈ શકે છે.ક્રિકેટના સટ્ટોડીયાઓ ક્રિકેટ ટૂર્નામેન્ટ શરુથતા જ ફૂટી નિકળતા હોય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨